સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

એપ્રિલ - ૨૦૧૭ • બે વર્ષ લવાજમ રૂા. ૧૬૦/-





આ મહા પ્રસાદીભૂત જામો શ્રીજી મહારાજે સ્વહસ્તે ભકતરાજ જીણાભાઇને આપીને કહ્યું હતું કે, ''મહુવામાં સત્સંગનો જામો થશે''

## ભગવાન શ્રી સ્વામિનારાયણનું દિવ્ય વરદાન
## "મહુવામાં સત્સંગનો જામો થશે"

તીર્થધામ મહુવા
## ઐતિહાસિક દર્શન
વિશેષાંક - ૨



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ ॥
વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીસ્થાન અંતર્ગત
કાનમ પ્રદેશ સમસ્ત સત્સંગ સમાજ દ્વારા આયોજીત વડોદરા શહેરને આંગણે
શ્રી સ્વામિનારાયણ મહોત્સવ
વડોદરા 2017
સર્વાવતારી ભગવાન
શ્રી સ્વામિનારાયણ
અંતર્ગત
॥ શ્રીમદ્ સત્સંગિજીવન ॥
કથા પારાયણ
વક્તા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
તારીખ :- ૧૭ થી ૨૫ -૫-૨૦૧૭
બપોરે-૩:૦૦ થી ૬:૦૦
રાત્રે-૮:૩૦ થી ૧૧:૦૦
॥ અધ્યક્ષશ્રી ॥
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
॥ ઉપાધ્યક્ષશ્રી ॥
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા આયોજીત
કીર્તન સંગીત - લોકસહિત્ય - સંતવાણી - હાસ્ય
તથા ગૌરવવંતા ગુજરાતની સામાજીક પ્રતિભાઓનો ચતુર્થ
રત્નાકર
સન્માન સમારોહ
2017
તારીખ :-૨૦-૫-૨૦૧૭
સમય :- રાત્રે ૮ થી ૧૧
સંચાલન : હરદેવ આહીર
લાઈવ પ્રસારણ ▶
हमारा लक्ष्य
विश्व का कल्याण हो...
www.lakshya.tv
॥ સન્માનનીય કલાકારશ્રીઓ ॥
કીર્તન સંગીત રત્નાકર
શ્રી વિનોદ પટેલ
લોકસાહિત્ય રત્નાકર
શ્રી જીતુદાદ ગઢવી
સંતવાણી રત્નાકર
શ્રી ઓસમાણ મીર
હાસ્ય રત્નાકર
શ્રી ઘનશ્યામ લાખાણી
હાસ્યકવિ રત્નાકર
શ્રી સાંઈરામ દવે
લેખક રત્નાકર
શ્રી પ્રણવ પંડ્યા
મહોત્સવ સ્થળ :- લેપ્રસી ગ્રાઉન્ડ, સરદાર એસ્ટેટ, આજવા રોડ, વડોદરા




|| Shree Swaminarayan Vijaytetram ||
With the divine blessings of Lord Shree Swaminarayan and agyna of H.H. 1008 Acharya Shree Ajendraprasadji Maharaj &
in the presence of H.H. 108 Bhavi Acharya Shree Nrigendraprasadji Maharaj (Vadtal)
Shree Swaminarayan Hindu Temple ~ New Jersey
મૂર્તિ પ્રતિષ્ઠા
Murti Pratishtha
Mahotsav
2017
Under Shree Laxminarayan Dev Gadi - Vadtal
June 3rd to 11th, 2017
Shreemad Satsangijivan
Katha
Orators
Pu. Kothari Shastri Swami Shree Ghanshyamvallabhdasji - Gadhpur
Pu. Sadguru Swami Shree Nityaswarupdasji - Sardhar
P.P.D.D. 1008 Shree Acharya
Shree Ajendraparasadji Maharaj
P.P. 108 Shree Bhavi Acharya
Shree Nrugendraparasadji Maharaj
Live Webcast & More Info : www.svg.org
Organize By : Shree Swaminarayan Agyna Upasana Satsang Mandal - New Jersey
Venue :- Shree Swaminarayan Hindu Temple. 329 Culver Road Monmouth Junction NJ - 08852 Ph: 732-930-1008




ગઢપુરધામને આંગણે ભગવાન શ્રીહરિ સ્થાપિત શ્રી ગોપીનાથજી મહારાજના દિવ્ય સાન્નિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી અ.સૌ. માતુશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી સહિત સમગ્ર ધર્મકુળ પરિવારની પ્રેરક ઉપસ્થિતિમાં સાંખ્યયોગી બહેનોના સાથ-સહકારથી ઉજવાયેલ 'શ્રી મોટીબા સ્મૃતિ મહોત્સવ' અંતર્ગત પૂ. કો. શા. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૧૪ થી ૨૦-૩-૧૭)





સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન પ્રસાદીભૂત તીર્થધામ આખા ગામને આંગણે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી અ.સૌ. માતુશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી સહિત સમગ્ર ધર્મકુળ પરિવારની પ્રેરક ઉપસ્થિતિમાં ઉજવાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' અંતર્ગત પૂ.સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૨ થી ૮-૪-૧૭)






જૂનાગઢધામને આંગણે બિરાજમાન શ્રીહરિકૃષ્ણ મહારાજના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે અભિષેક કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.



શ્રી રઘુવીરવાડી-વડતાલ ખાતે ઉજવાયેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૪૪મા જન્મોત્સવ પ્રસંગે ઉપસ્થિત સંતો-હરિભક્તો.






ખોપાળાને આંગણે બિરાજમાન શ્રીહરિકૃષ્ણ મહારાજ આદિક દેવોના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.






શ્રી રઘુવીરવાડી-વડતાલ ખાતે ચૈત્રી સમૈયા પ્રસંગે પ.પૂ. અ.સૌ. માતુશ્રી (ગાદીવાળા)ની અધ્યક્ષતામાં બંને અ.સૌ. વહુજી મહારાજની આજ્ઞાથી યોજાયેલ દક્ષિણ વિભાગ સમસ્ત મહિલા મંડળ દ્વારા શ્રી શિક્ષાપત્રી ભાષ્ય કથા પારાયણ મહિલા મંડળ કથા પારાયણ.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# સ્વામિનારાયણ ચિંતન

પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

વર્ષ : ૫ । અંક : ૩ । તારીખ : ૨૦ એપ્રિલ, ૨૦૧૭

:: પ્રસિદ્ધ કર્તા ::
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી
**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

:: પ્રકાશક / માલિક / તંત્રી ::
સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)

:: લેખન / સંકલન ::
સાધુ અમૃતસ્વરૂપદાસજી
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: લવાજમ દર ::
બે વર્ષ : રૂા. ૧૬૦/-
પંચવાર્ષિક : રૂા. ૩૫૦/- • પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-
પરદેશમાં લવાજમ : $ 200 U.S.A., £ 125 U.K.

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::

'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardharkatha.net
www.swaminarayanvadtalgadi.org
E-mail : chintansardhar@yahoo.in
sardharmandir@gmail.com



## મહુવાનું મસ્તક એટલે...

'તીર્થધામ મહુવા ઐતિહાસિક દર્શન' આ નાનકડી પુસ્તિકામાં ભક્તિનો વારસો અને વિરાસત સચવાયા છે. અહીંયા ભુતકાળ અને વર્તમાનકાળનો સેતુ બને છે ભક્તિમાર્ગ...!! આ પુસ્તકના પાના પર આપણા અસ્તિત્વનો આંતરિક વિકાસનો માર્ગ છે. આ માત્ર ભક્તિની જ વાત નથી ! ભાવ અને સ્વભાવને જીવંત કરવાની વાત છે. આપણે વ્યસ્તતાના નામે અસ્તવ્યસ્તતા અનુભવીએ છીએ ત્યારે આ પુસ્તકમાં આપણી માણસાઈનો, આપણા માંહ્યલાનો એકાંતનો મેળો છે.

મુદ્રિત શબ્દનું મૂલ્ય કોઈપણ યુગમાં સાર્થક જ રહેવાનું છે ત્યારે આપણે મહુવાના માંહ્યલાને સમજીને સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની ચેતનાને અનુભવીને શાતામાં રહીએ એ અંદરની ફરજ અને ગરજ છે. આ પુસ્તક સૌરાષ્ટ્રના હૃદય સમા મહુવાનું મસ્તક છે. આ પુસ્તક સાથે સંકળાયેલા સહુને હૃદયથી દંડવત પ્રણામ કરું છું અને સર્જક તરીકે શગમોતીડે વધાવું છું.

અંકિત ત્રિવેદી (પ્રસિદ્ધ યુવા લેખક)

અનુક્રમણિકા

| | |
|---|---|
| ૦૬ | મહુવા સ્થિત ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાસાદિક સ્થાનો તથા વસ્તુઓ |
| ૦૮ | ભગવાન સ્વામિનારાયણનું દિવ્ય વરદાન મહુવામાં સત્સંગનો જામો થશે |
| ૧૧ | મહુવા પ્રદેશના મોણપુર ગામના દરબાર શાર્દૂલ ખસિયા |
| ૧૪ | મહુવાની જનની શ્રી ભવાની માતા મંદિર |
| ૧૭ | મહુવાના તેજસ્વી તારકો |
| ૨૪ | મહુવા ઈતિહાસગાથા |
| ૨૮ | સત્સંગ સમાચાર |

લક્ષ્ય ટી.વી. ચેનલ દ્વારા
સમગ્ર ગુજરાતમાં ઘેર બેઠા આપ માણો...


हमारा लक्ष्य
विश्व का कल्याण हो...

પ.પૂ. ૧૦૮
શ્રી ધર્મકુળ મુગટમણિ
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
દિવ્ય અમૃતવાણી
સમય : દરરોજ

પૂ. સ.ગુ. સ્વામી
શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે
સત્સંગ કથાપારાયણ
સમય :
દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

પૂ. સ્વામી
શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે
સત્સંગ કથામૃત
સમય :
દરરોજ સવારે ૬.૦૦ થી ૭.૦૦

છબીકલા : શિવલાલ સુદાણી - બારમણ મો. ૯૮૭૯૨૬૯૫૪૦







# મહુવા સ્થિત ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાસાદિક સ્થાનો તથા વસ્તુઓ



**શ્રી લક્ષ્મીનારાયણ મંદિર** (શ્રી ખીમનાથ મહાદેવની જગ્યા)

મહુવામાં ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ વર્ણી સ્વરૂપે પધાર્યા ત્યારે આ લક્ષ્મીનારાયણ મંદિરમાં ત્રણ દિવસ **નિવાસ** કર્યો હતો. મંદિરના મહંતે મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણીના ધ્યાન-તપ, યોગની કળા અને ભક્તિભાવથી પ્રસન્ન થઈ વર્ણીરાજને સીધું આપીને જમાડ્યા હતા. વર્ણીએ વાવમાંથી જળ ભરીને પ્રસાદીરૂપે મહંતને આપીને તેમનો જળંધરનો રોગ મટાડ્યો હતો. હાલમાં આજે આ સ્થાન 'શ્રી ખીમનાથ મહાદેવની જગ્યા' તરીકે પ્રસિદ્ધ છે. મંદિરના મહંત પૂ. ભગત બાપુ દ્વારા શ્રી લક્ષ્મીનારાયણ મંદિરનું **કલાત્મક નકશીકામ** બંસીપહાડ પથ્થરમાં **નિર્માણ** કરવામાં આવ્યું છે.

**શ્રી હનુમાનજીની દેરી** (શ્રી ખીમનાથ મહાદેવની જગ્યા)

શ્રી લક્ષ્મીનારાયણ મંદિરમાં આંબલીના વૃક્ષ નીચે આ હનુમાનજીની દેરી છે ત્યાં નીલકંઠ વર્ણી **આસન** કરી બિરાજમાન થતાં હતાં. અહીં જ વર્ણીપ્રભુ પોતાનું નિત્યકર્મ કરીને મુમુક્ષુજનોને **ધર્મોપદેશ** આપતા હતા. હાલમાં આ દેરીના સ્થાને વર્તમાન મહંત પૂ. ભગત બાપુ દ્વારા સુંદર મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

**માલણ નદી**

મહુવામાં ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ વર્ણી સ્વરૂપે પધાર્યા હતા ત્યારે માલણ નદીના તટ ઉપર **તલગાજરડાનો આરો** છે અને જે બાવાના કોઠા નામે ઓળખાય છે, ત્યાં બે દિવસ **સ્નાન** કર્યું હતું અને **યોગસાધના** કરી હતી. તેમજ કતપર ગામમાં પણ માલણ નદીને બે કાંઠામાં ભરપૂર જોઈ સ્નાન કર્યું હતું. આ રીતે માલણ નદીને પાવન કરી હતી.

**શ્રી ભવાની માતા મંદિર**

આ પ્રાચીન ભવાની માતા મંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ વર્ણી સ્વરૂપે જ્યારે **મહુવા** પધાર્યા ત્યારે આવ્યા હોય તેવો ઉલ્લેખ સંપ્રદાયના શાસ્ત્રોમાં જોવા મળતો નથી. પરંતુ શ્રીહરિલીલામૃત ગ્રંથ તેમજ અન્ય લીલાચરિત્રો ગ્રંથમાં શ્રીજીમહારાજ **કતપર** પધાર્યા છે તેવો **ઉલ્લેખ** મળે છે. તેથી સંતોના મત મુજબ ભગવાન શ્રીહરિ આ અતિ પૌરાણિક અને પ્રસિદ્ધ સ્થાનમાં જરૂર પધાર્યા હોવા જોઈએ.

## શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભગવાન શ્રીહરિ તથા નંદસંતોની પ્રાસાદિક વસ્તુઓ

**ભગવાન શ્રીહરિનો જામો :**

શ્રીજીમહારાજે રાજી થઈને મહુવાના જીણાભાઈને પોતાને પહેરવાનો **જામો** આપીને કહ્યું હતું કે 'મહુવામાં સત્સંગનો જામો થશે' તેવા આશીર્વાદ આપ્યા હતા. હાલમાં આ જામો મહુવા શ્રી સ્વામિનારાયણ મંદિર ખારગેટના સભામંડપના સિંહાસનમાં પધરાવી ભક્તજનોના દર્શનાર્થે રાખેલ છે.

**ભગવાન શ્રીહરિનો ખેસ તથા અન્ય પ્રાસાદિક વસ્ત્રો :**

ભગવાન શ્રીહરિએ ધારણ કરેલ **ખેસ** તથા શ્રીજીમહારાજના ઉપયોગમાં આવેલ વસ્ત્રોના ટુકડાઓ મંદિરના સભામંડપના સિંહાસનમાં દર્શનાર્થે રાખવામાં આવ્યા છે.

**ચરણારવિંદ :**


મહુવા મંદિરમાં દેવસેવા અર્થે પધારેલ બ્રહ્મનિષ્ઠ સંતો તથા હરિભક્તોને પોતાની પરંપરામાં રાજીપામાં મળેલ ભગવાન શ્રીહરિના **આઠ જોડી** ચરણારવિંદો હાલમાં મંદિરના સભામંડપના સિંહાસનમાં દર્શનાર્થે રાખેલ છે.

**ધર્મગ્રંથો :**

નંદસંતો દ્વારા હસ્તલિખિત **'શિક્ષાપત્રી'** તેમજ સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી રચિત **'નીતિપ્રકાશ'** ગ્રંથ મંદિરના સભામંડપના સિંહાસનમાં દર્શનાર્થે રાખવામાં આવ્યા છે.

**સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ ધારણ કરેલ કાષાય ધોતિયું તથા ખેસ :**

**સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ ધારણ કરેલ કાષાય ધોતિયું તથા ખેસ :**



## ભગવાન શ્રી સ્વામિનારાયણનું દિવ્ય વરદાન

# “મહુવામાં સત્સંગનો જામો થશે.”

**ખં**ભાતના અખાતનો સાગર સૌરાષ્ટ્રમાં જ્યાં જ્યાં ધરતીને છેડે સ્પર્શે છે ત્યાં ત્યાં **તીર્થધામો**ના ચરણ પખાળતો રહે છે. એવા તીર્થધામોમાં દ્વારિકાથી લઈને સોમનાથ અને ગોપનાથ સુધી છવાયેલી એક દીર્ઘ **હારમાળા** યુગોથી મુમુક્ષુ જીવાત્માઓને આકર્ષતી રહે છે. સાગરના કાંઠે કાંઠે એ તીર્થધામોની યાત્રાએ નીકળેલો યાત્રી ગોહિલવાડના **મહુવા** તીર્થમાં આવીને અટકે છે ત્યારે કંઈક અનોખી પ્રાકૃતિક **શીતળતા**નો અનુભવ થાય છે. એટલે જ મહુવાને કોઈએ **‘સૌરાષ્ટ્રનું કાશ્મીર’** કહીને બિરદાવ્યું છે.

ગોહિલવાડ પંથકમાં, ભાવનગર જિલ્લામાં સૌરાષ્ટ્રની ડુંગરાળ ભૂમિથી નોંખી ભાત પાડતું આ નગર આંબા, કેળ તથા નાળિયેરીના વૃક્ષોથી સમૃદ્ધ છે. આ નગરને પોષતી ખળખળ વહેતી માલણ નદી અહીં સાગરને જઈને મળે છે. માલિની માલણ નદીને કાંઠે વસેલું મહુવા **પૌરાણિક** અને **ઐતિહાસિક** શહેર ગણાય છે. યૌવનભાવે પ્રકૃતિ અહીં સદા ખીલેલી જ રહી છે, પ્રાકૃતિક સૌંદર્યથી શોભાયમાન મહુવા નગર ઐતિહાસિક દૃષ્ટિએ પણ એટલું જ સમૃદ્ધ છે. મધુપુરી (મહુવા) પોતાના પ્રાકૃતિક અને રળિયામણા સૌંદર્યથી **સાત્ત્વિક ભૂમિ**નું મુખ લાગે છે. અને તેને કિનારે વહેતી માલિની માલણ નદી મધુપુરી નગરીને જાણે **વાસંતી શણગાર** અર્પણ કરી રહી છે.



**શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ - મહુવા**

પરંતુ આ નગરના સૌભાગ્યનો **સોનેરી સૂરજ** ઊગ્યો હતો - ૧૯મી સદીના પૂર્વાર્ધમાં. ૧૮મી સદી આથમી રહી હતી અને ૧૯મી સદીનું પ્રભાત હજુ ઊઘડ્યું નહોતું, ત્યારે મહુવાની ગરિમાને **તીર્થત્વ**નો **સ્પર્શ** આપવા વનવિચરણ દરમ્યાન સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ **નીલકંઠ વર્ણી** સ્વરૂપે ત્રણ-ત્રણ રાત્રિ રોકાણ કરીને અતિ પ્રસન્ન થયા હતા.


મહાપ્રભુ નીલકંઠ વર્ણીએ અહીંના **પીતાંબર શેઠ**ને આશીર્વાદ આપીને તેમને પોતાના આશ્રિત કર્યા હતા. પાછળથી તેમના ત્રણ પુત્રો ભગવાન શ્રીહરિના ભક્ત બન્યા હતા. આ પરિવાર મહુવા નગરમાં સર્વપ્રથમ શ્રી સ્વામિનારાયણીય **સત્સંગી પરિવાર** હતો.

આ પવિત્ર ભૂમિમાં સં. ૧૮૮૫માં સૌપ્રથમ સંતમંડળ ભગવાન શ્રીહરિના દીક્ષિત પાંચસો પરમહંસ પૈકીના સ.ગુ. શ્રી **નિર્મળાનંદ સ્વામી**નું આવ્યું હતું. આ સંતમંડળે મહુવા નગરમાં વિચરણ કરી ભજન-કીર્તન-સત્સંગ અને પોતાના વર્તમાન દ્વારા નગરજનોમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ગુંજતો કર્યો હતો. આ રીતે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર અને ભજન-ભક્તિ-સત્સંગ-કથાવાર્તાના સરળ સદુપદેશ ભાષાશૈલીના કીર્તનપદો લોકોમાં સહર્ષ રેલાવા લાગ્યા. શુદ્ધ અને પવિત્ર ધર્મને પૂર્ણ પ્રોત્સાહન મળતાં સમાજમાં પવિત્રતા, સાચી સમજણ, ભગવાન ભજવાનો આનંદ, સમાજ ઉત્થાનનું કાર્ય અને

કુરિવાજ વગેરેમાં ક્રાંતિ આવી ને એક દિવ્ય સોપાન શરૂ થયું. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના નિત્યનિયમો, શુદ્ધ આચાર સંહિતા તેમજ સંતોના પવિત્ર જીવનથી મહુવાના અનેક મુમુક્ષુ જીવાત્માઓ સત્સંગના રંગે રંગાવા લાગ્યા. તેમાંના એક હતા **રાઠોડ જીણાભાઈ.** તેઓ અવારનવાર ગઢપુર શ્રીજીમહારાજના દર્શને જતા અને ત્યાં સદ્‌ગુરુ સંતોનો સમાગમ કરતા.



પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર
શ્રી વિહારીલાલજી મહારાજ



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



સ.ગુ. શ્રી મોટા યોગાનંદ સ્વામી

જીણાભક્ત એક **કુશળ કારીગર** હતા. તેથી તેણે માણકી ઘોડી માટે મખમલ અને મશરૂની ખોળીમાં ઓકાલીયાનું રૂ ભરી સોનેરી જરિયાન તારથી મઢીને સુંદર **ચારજામો** (ચારે છેડે જેને ફૂમતાં હોય એવી ઘોડાની પીઠ ઉપર નાખવાની દળી, પલાણ) બનાવીને ભગવાન શ્રીહરિને **ભેટ** કર્યો. જીણાભક્તની કલા કારીગરી જોઈને શ્રીજીમહારાજ અતિ પ્રસન્ન થયા. ભગવાન શ્રીહરિ રાજી થઈને પોતાની પાઘ જીણાભક્તને ભેટ આપી. ત્યારે જીણાભક્ત ગદ્‌ગદિત થઈ ગયા અને આંખમાં પ્રેમાશ્રુ ઊભરાયાં અને દ્વિધા પણ થઈ. આ જોઈ શ્રીજીમહારાજે તેને વિમાસણનું કારણ પૂછ્યું. ત્યારે જીણાભક્ત બોલ્યા : "મહારાજ! અમો પાંચ ભાઈઓ છીએ અને પાઘ એક. પાઘના ટુકડા થાય નહિ તો આ ચાર ભાઈઓને શું આપવું? જો આપ રાજી થયા હો તો અમારા ગામ મહુવામાં સત્સંગ વધે તેવા આશીર્વાદ આપો."

ત્યારે ભગવાન શ્રીહરિ રાજી થયા અને જીણાભક્તની **નિષ્કામ ભક્તિ** નિહાળી પોતાનો 'જામો' જીણાભક્તને આપીને કહ્યું : **"મહુવામાં સત્સંગનો જામો થશે."** (આ જામો હાલ મહુવા શ્રી સ્વામિનારાયણ મંદિર ખારગેટના સભામંડપના સિંહાસનમાં પધરાવેલ છે.)

ભગવાન શ્રીહરિના આશીર્વાદથી મહુવામાં **સત્સંગ**નો **વિકાસ** થવા લાગ્યો. સં. ૧૮૯૩માં સ.ગુ. શ્રી **ત્રિગુણાતીતાનંદ સ્વામી**નું સંતમંડળ આવ્યું અને તેમણે સત્સંગનો વિસ્તાર કર્યો. આ મંડળે અન્ય ઉપાસકો સાથે સભાઓ કરીને આ પૃથ્વી ઉપર સ્વામિનારાયણ નામે સ્વયં અવતારી પ્રગટ છે તે સિદ્ધ કર્યું. મહુવાના લોકો સંતોના સદ્‌વર્તનથી સંપ્રદાયના આશ્રિત થવા લાગ્યા.

મહુવામાં સંતોના દ્વારા સંપ્રદાયના આશ્રિત થનારામાં પ્રથમ જીણાભક્ત હતા. તેમના સંપ્રદાય પ્રવેશ પછી સંતોના મુખે ભગવાન શ્રી સ્વામિનારાયણના ધર્મોપદેશની વાતો સાંભળી, સંતોના વર્તમાન-નિયમો જોતા તેમના પરિવાર, જ્ઞાતિજનો, સ્નેહીજનોને પૂર્વના સંસ્કાર ઉદિત થતા સર્વે સત્સંગી થયા. મહુવામાં આ સમયે સં. ૧૮૯૫માં સ.ગુ. શ્રી **મોટા યોગાનંદ સ્વામી**નું સંતમંડળ સ્થિર થયું હતું. યોગાનંદ સ્વામી નામ પ્રમાણે જ યોગીની મૂર્તિસમા હતા. તેમનું સંતમંડળ તપ-ધ્યાન-ભજન-ભક્તિથી પ્રકાશી રહ્યું હતું. આવા નિર્લોભ-નિષ્કામ-નિઃસ્નેહ-નિર્માન અને નિઃસ્વાદ - આ પંચવર્તમાનયુક્ત સંતોના દર્શનથી મહુવાના નગરજનો સત્સંગના રંગે રંગાવા લાગ્યા. યોગાનંદ સ્વામીએ સુંદર બંગલાઘાટનું ત્રણમાળનું **હરિમંદિર** બંધાવ્યું. સમય જતાં પ.પૂ. ધ.ધુ. **આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજે** મધ્ય મંદિરમાં **શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ** આદિ **દેવોની પ્રાણ પ્રતિષ્ઠા** કરી હતી.

> જીણાભક્તની નિષ્કામ ભક્તિ નિહાળી પોતાનો 'જામો' જીણાભક્તને આપીને કહ્યું : મહુવામાં સત્સંગનો જામો થશે.

ત્યારબાદ સમય જતાં જેમણે ગઢડામાં શ્રી ગોપીનાથજી મહારાજના મુખ્ય પ્રવેશદ્વારનું નિર્માણકાર્ય કરાવ્યું હતું તેમજ જેમણે સાવરકુંડલા વિસ્તારમાં ખુમાણ દરબારોને સત્સંગ કરાવ્યો છે એવા સ.ગુ. શ્રી મોટા યોગાનંદ સ્વામીની શિષ્યપરંપરામાં સ.ગુ. શ્રી કપિલચરણદાસજી સ્વામી તેમના શિષ્ય સ.ગુ. શ્રી ભગવત્સ્વરૂપદાસજી સ્વામી તેમના શિષ્ય સ.ગુ. શ્રી **પરમસુખદાસજી સ્વામી** જે પોતે મંડળે સહિત સં. ૧૯૯૫માં મહુવા મંદિરની દેવસેવામાં રહીને અનેક સત્સંગ વિકાસના કાર્યો કર્યા હતા. તેમની જ શિષ્ય પરંપરામાં સ.ગુ. શ્રી જગન્નાથદાસજી સ્વામીના શિષ્ય સંપ્રદાય સુપ્રસિદ્ધ કથાકાર મૂર્ધન્ય સંતશિરોમણિ અ.નિ. સ.ગુ. પુરાણી શ્રી **જગતપ્રકાશદાસજી સ્વામી**એ અથાગ પરિશ્રમ કરીને હરિમંદિરની જગ્યાએ ત્રણ શિખરવાળું નૂતન શિખરબધ્ધ મંદિર તૈયાર કરાવીને તેમાં વિ.સં. ૨૦૩૫ વૈશાખ સુદ - ૧૨ (તા. ૯-૫-૧૯૭૯)ના રોજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ **આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના શુભ વરદ્‌હસ્તે મધ્યશિખરના બાજુના ખંડમાં **શ્રી ઘનશ્યામ મહારાજ**ની પ્રતિષ્ઠા કરી હતી. ત્યારથી લઈને આજદિન સુધી મહુવા નિવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ અને શ્રી ઘનશ્યામ મહારાજ મહુવા શહેરના સત્સંગ સમાજ ઉપર સતત અમીવૃષ્ટિ કરી રહ્યા છે. ત્યારબાદ મહુવા મંદિરમાં અનેક સંતમંડળો રહી સત્સંગ કરાવ્યો હતો.



શ્રી ઘનશ્યામ મહારાજ - મહુવા



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ. લાલજી મહારાજશ્રી

હાલમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પૂ. **સ.**ગુ. **સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી** - વડતાલ (હાલ-સરધાર)નું **સંત-પાર્ષદ મંડળ** મહુવા મંદિરમાં નિવાસ કરીને મહુવા અને આજુબાજુના વિસ્તારમાં સત્સંગ-કથાવાર્તાનો લાભ આપીને સત્સંગ ને સંપ્રદાયનો વિકાસ કરી રહ્યું છે. જેથી શ્રીજીમહારાજે આપેલા વરદાનને ચરિતાર્થ થતું જોઈ શકાય છે. જેના પરિણામ સ્વરૂપે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી પૂ. સ્વામીના સંપૂર્ણ માર્ગદર્શન પ્રમાણે ભક્તજનોના સહિયારા પુરુષાર્થથી સૌરાષ્ટ્રના નજરાણારૂપ **ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજ**ના તાબાના **નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર**નું નિર્માણકાર્ય ચાલું છે. મહુવા શહેરના પોસ વિસ્તારમાં આવેલી તન-મનને આંદોલિત કરતી **નયનરમ્ય** જગ્યા પર કલાથી નીતરતું મનોરમ્ય **પંચશિખર યુક્ત** મંદિર સંપ્રદાય અને ગોહિલવાડ-ગુજરાત અને મહુવા શહેરની **શાન** ગણાશે.


આ નૂતન શિખરબધ્ધ મંદિરનો શિલાન્યાસવિધિ સં. ૨૦૭૦ કારતક વદ - ૭ તા. ૨૫-૧૧-૨૦૧૩ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી કરકમળો દ્વારા ધામધૂમપૂર્વક કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે તા. ૨૨ થી ૨૮-૧૧-૨૦૧૩ સુધી સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

હાલમાં મંદિરનું કલાત્મક નકશીકામ યુક્ત મકરાણા આરસ તથા બંસીપહાડપુર એમ બંને સંયુક્ત પથ્થરમાં નિર્માણકાર્ય પૂરજોશથી ઉત્સાહપૂર્વક ચાલુ છે. જે અમુલ્ય સેવાનો લાભ મહુવા તેમજ મહુવા તાલુકા ગ્રામ્ય વિસ્તારના ભાવિક ભક્તજનો વખતોવખત લઈ રહ્યા છે. આપ પણ આ કલ્યાણકારી સેવામાં સહભાગી બની જીવનને ધન્ય બનાવવા અચૂક પધારશોજી.









# મહુવા પ્રદેશના મોણપુર ગામના
# દરબાર શાર્દૂલ ખસિયા

ભારતના પશ્ચિમ કાંઠાને પખાળતા અરબી મહાસાગરના કાંઠે સૌરાષ્ટ્રના કાશ્મીર સમા મહુવા બંદરથી દૂર નહિ ને નજીક નહિ એવું, ખસિયા દરબારોનું **મોણપુર** નામે ગામ છે. શરીરે ઊંચા, પ્રતિભાસંપન્ન અને આખા પરગણામાં સારી પ્રતિષ્ઠા ધરાવતા સુખી અને બાર ગામના ગરાસદાર દરબાર **શાર્દૂલ ખસિયા** ગામધણી છે. નામે શાર્દૂલ છતાં સ્વભાવે સરળ હોવાથી સર્વ સાથે તેમને એક સરખો પ્રેમ છે. ધર્મે શૈવ છતાં ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત પોતાના સંબંધી દરબારો સાથેના સંબંધને નાતે; તે વેળાના ગુજરાતભરમાં સદ્ધર્મનું મોજું પ્રસરાવનાર અને વિશેષે કરીને ત્રાસ ફેલાવનાર માણસના જીવન પરિવર્તન કરનાર ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શને અવાર-નવાર ગઢપુર, જૂનાગઢ, ધોલેરા વગેરે સ્થળે જતાં.

ભગવાન શ્રીહરિના કરુણામય નિર્મળ નેણમાંથી અખંડ પ્રેમતણો પ્રવાહ વહેતો હતો. તે પ્રેમપ્રવાહમાં ઘણા ઘણા પાવન થયા હતા. શાર્દૂલ ખસિયા પણ એ પ્રેમપ્રવાહથી ભીંજાઈને તરબોળ થયા હતા. સર્વ ધર્મોને પોતાના માનતા **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પણ આ શિવભક્ત શાર્દૂલ ઉપર અહૈતુકી અસીમ **કરુણા** હતી.

જેમ નદીઓના નીર વહ્યા કરે છે તેમ અનેક મુમુક્ષુ જીવાત્માઓને પાવન કરવા સર્વાવતારી ભગવાન શ્રીહરિ કંચન-કામિનીના ત્યાગી અને બ્રહ્મચર્યની મૂર્તિ સમા પોતાના પરમહંસ અને પાર્ષદો સહિત પૃથ્વી ઉપર અખંડ સત્સંગ વિચરણ કરતા હતા. દારૂ, અફીણ આદિ વ્યસનો રાખવા નહિ, અભક્ષ્ય ખાવું નહિ, ચોરી કરવી નહિ, વ્યભિચાર કરવો નહિ અને પોતાના ધર્મમાં દૃઢ રહેવું - પાંચ વર્તમાનધારી હરિભક્તોનો સંઘ સાથે હતો.

એકવખત ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે ગોહિલવાડની ધરતીને પાવન કરતા મહુવા તરફ જઈ રહ્યા છે. સવારનો કૂણો તડકો ભગવાન શ્રીહરિના મુખકમળને સેવી રહ્યો છે. ઘોડાની અડખેપડખે ચાલતા પરમહંસો કીર્તનોની ઝડીઓ વરસાવી રહ્યા છે : 'રોજે ઘોડે રાજેશ્વર બિરાજે રે, છબી જોઈ કોટિક કંદર્પ લાજે રે...' કીર્તનભક્તિમાં રસ્તો કેટલો કપાઈ ગયો તેની કોઈને ખબર ન રહી.

તે સમયમાં શ્રીજીમહારાજની દૃષ્ટિ દૂર દેખાતાં ખોરડાં પર પડી. ભગવાન શ્રીહરિએ લગામ ખેંચીને સાથેના કાઠીસવારને પૂછ્યું : "પેલું દેખાય છે તે ક્યું ગામ ?"

"મહારાજ ! મોણપુર."

"મોણપુર !" ભગવાન શ્રીહરિએ સાનંદાશ્ચર્ય કહ્યું.

"જી, હા."

"ઓ હો ! ત્યારે આ તો શાર્દૂલ ખસિયાનું મોણપુર એમ ને ?"

"હા, મહારાજ !"

પછી શ્રીજીમહારાજે સંઘને ઊભો રાખી કહ્યું : "આપણે આજે શાર્દૂલજીને ત્યાં ઠાકોરજી જમાડીએ. આવા પ્રેમીભક્તના પાદરમાંથી આપણે બારોબર ચાલ્યા જઈએ અને જો તેમને ખબર પડે તો એ ધોખો કરે."

શાર્દૂલ પ્રત્યેનો ભગવાન શ્રીહરિની વાણીમાંથી ભારોભાર નીતરતો પ્રેમ જોઈ કોઈ સંતે કહ્યું : "મહારાજ ! એ વાત તો સાચી."

શ્રીજીમહારાજે મોણપુરના પાદરમાંથી એક અશ્વારને શાર્દૂલ ખસિયાના દરબારગઢમાં સમાચાર આપવા મોકલ્યો.

અમૃતના નોતરાં જેવા આ સમાચાર સાંભળી ભક્તહૃદયના દરબારને આનંદના ઓઘ વળ્યા. માણીગર માવ મોણપુરમાં પધાર્યા છે તે વધામણીથી દરબારને જીવતર ધન્ય લાગ્યું. એમના દરબારગઢની સામે એક ઓસરીએ આઠ ઓરડા હતા. તે સાફ કરી સજ્જ કરાવવા કામદારને સૂચના આપીને રસોઈની તેમજ સામૈયાની તૈયારી કરવાનું કહી ગામના મોભાદાર ગૃહસ્થોને લઈને ઉમંગભેર પાદરે આવ્યા. ભગવાન શ્રીહરિના દર્શનથી રોમ-રોમ પુલકિત થયા. ઘોડા ઉપરથી ઊતરી જમીન પર દંડવત્ કરવા લાગ્યા. શ્રીજીમહારાજે પણ શાર્દૂલને ઉઠાડીને બાહુપાશમાં લઈ લીધા.

આનંદવિભોર થયેલા દરબાર શાર્દૂલ ખસિયા કંઈ બોલી ન શક્યા. ભગવાન શ્રીહરિએ કહ્યું : "દરબાર ! અમે વણતેડ્યા આજે મે'માન થયા છીએ." અકારણ કરુણાના ભાર નીચે દબાયેલા શાર્દૂલજી એટલું જ બોલી શક્યા કે, "મહારાજ ! આપની દયા." પછી સાવધ થતાં કહ્યું : "હે પ્રભુ ! હવે ગામને પાવન કરો."

અવિનાશી શ્રીહરિ અશ્વ ઉપર સોનેરી વસ્ત્ર અને આભૂષણોથી મનોહર મૂર્તિ શોભી રહ્યા હતા.. અશ્વ પણ સોનેરી સાજ-શણગારથી ભરાઈ ગયો હતો. દર્શન કરનારાનું ચિત્ત તેમાં લોભાઈ જાતું હતું. ઢોલીના ઢોલ ઢબૂક્યાં. શરણાઈના સૂર રેલાયા. બંદૂકોના બાર થયા. ગામજનોનો આનંદ માતો નથી. અક્ષત-પુષ્પથી ભગવાન શ્રીહરિને ગામની નારીઓએ વધાવ્યા. ગામના ભાવિક હરિભક્તો ગુલાલ લઈ આવ્યા અને તે પરસ્પર ઉડાડવા લાગ્યા. એમ અપાર ગુલાલ-રંગ ઉડાડીને ધૂમ મચાવી દીધી. શાર્દૂલ દરબારે ધામધૂમથી શ્રીજીમહારાજ અને સંતો-હરિભક્તોને દરબારમાં પધરાવ્યા.

મશરૂની ભારે તળાઈઓ બિછાવેલા છપ્પર પલંગ ઉપર ભગવાન શ્રીહરિ બિરાજમાન થયા. શાર્દૂલ અને સર્વે હાથ જોડી સામે બેઠા. શ્રીજીમહારાજે કૃપાના બારે મેઘ શાર્દૂલ ઉપર ખાંગા કર્યા હતા. અનિમેષ દૃષ્ટિએ ચકોરની જેમ મહારાજની સામું જોઈ રહેલા શાર્દૂલને કૃપાનિધાન શ્રીહરિએ સામેથી કહ્યું : "દરબાર ! આજે તો અમારે મોતિયા લાડુની રસોઈ કરાવવી છે ! " શ્રીજીમહારાજે પોતાનું ઘર માની સામેથી રસોઈ માંગી અને શું કરવું તે પણ જણાવ્યું. તે જાણીને દરબાર શાર્દૂલ રાજી રાજી થઈ ગયા. ગામના પવિત્ર બ્રાહ્મણોને બોલાવી મોતિયા લાડુની રસોઈ ચાલુ કરાવી દીધી. પાંચસો માણસોની રસોઈના આંધણ મુકાઈ ગયા. દિવાળીના તહેવાર જેવી રોનક આખા મોણપુર ગામમાં થઈ ગઈ છે. શાર્દૂલ

ખસિયા નજીકના બીજે ગામ પોતાના ખાસ સંબંધીઓને આમંત્રણ આપવા ગયા છે.

બપોરે મધ્યાહ્ન સમયે રસોઈ તૈયાર થઈ ગઈ. પોતે **પુરુષોત્તમનારાયણ** છે, છતાં ભગવાન શ્રીહરિ લોકસંગ્રહાર્થે ઠાકોરજીને થાળ ધરી શાંતમુદ્રામાં ધ્યાનમાં બેસે છે. થોડીવારે શ્રીજીમહારાજની શાંતમુદ્રામાં ફેરફાર થયો. મુખ ઉપરના ભાવો પલટાવા લાગ્યા. રાજીવલોચનો ઊઘડી ગયા ને એક દીર્ઘ નિઃશ્વાસ નાખી સર્વ ઉપર **વ્યથાપૂર્ણ** નજર નાંખીને મોટેરા સંતો-હરિભક્તોને કહ્યું : "રસોઈ પડતી મૂકો. આપણે હાલ ને હાલ મહુવા જાવું છે."

અચાનક આકાશમાંથી માથે વીજળી પડી હોય તેવો આઘાત સર્વેએ અનુભવ્યો. હજુ તેમાંથી કળ વળી નથી ત્યાં ભગવાન શ્રીહરિએ ભગુજીને આજ્ઞા ફરમાવી : "ભગુજી ! રોજો ઘોડો તૈયાર કરો."

બધાને ભારે આશ્ચર્ય થયું. એકદમ **સન્નાટો** છવાઈ ગયો ! સંતોએ હાથ જોડી મહારાજને પૂછ્યું : "મહારાજ ! આ શું ?"

શ્રીજીમહારાજ કંઈ જવાબ આપતા નથી. મહારાજની અકળ લીલાનો ભવ-બ્રહ્માદિક પાર પામ્યા નથી. ભગવાન શ્રીહરિની અનુવૃત્તિ સમજનારા સંતો-હરિભક્તોનો તમામ રસાલો તૈયાર રસોઈ છોડી મહુવા જવા નીકળ્યો. શ્રીજીમહારાજ ઉદાસ મને સંઘ સાથે ચાલી નીકળ્યા. અતિ ઉમંગથી પોતે તૈયાર કરાવેલા ભર્યાં ભોજન હડસેલીને ચાલી જતા મહારાજને જોઈને દરબારગઢના અંતઃપુરમાં ગ્લાનિ છવાઈ ગઈ.

ભગવાન શ્રીહરિ ચાલ્યા ગયા. આખા ગામમાં **સૂનકાર** વ્યાપી ગયો. એક સવાર આ સમાચાર શાર્દૂલને પહોંચાડવા મારતે ઘોડે ઊપડ્યો. વજ્રઘાત જેવા સમાચાર સાંભળી શાર્દૂલ ઘોડા ઉપર પવનવેગે ગામમાં આવ્યા.

આખું ગામ શોકસાગરમાં ડૂબેલું હતું. સમાચાર મેળવી તરત જ તે જ સવારીએ મહુવા તરફ ઘોડો દોડાવ્યો ને એક-બે ગાઉ દૂર નીકળી ગયેલા ભગવાન શ્રીહરિ અને સંઘને આંબી ગયા. શાર્દૂલનો પરસેવે રેબઝેબ અશ્વ શ્રીજીમહારાજના રોજા સન્મુખ આવી ઊભો રહ્યો. પોતાના ઘોડા ઉપરથી નીચે ઊતરી રોજા ઉપર બિરાજમાન ભગવાન શ્રીહરિના ચરણ પકડી લઈને **શાર્દૂલ ખસિયા** અંતરદુઃખથી ફાટી જતા અવાજે બોલ્યા : "હે મહારાજ ! મારે ઘેર પધારી, સ્વેચ્છાએ રસોઈ કરાવી કાં ચાલ્યા જાવ છો ?"

કરુણા નીતરતા નયને કૃપાનિધાન શ્રીહરિ શાર્દૂલ સામું જોઈ રહ્યા. જે આંખો શાર્દૂલને જોઈ પ્રસન્નતાના સાગર વહાવતી, અંગેઅંગમાં સુખના ઘેન ઠાલવતી તે આંખો શાર્દૂલને જોઈ જ રહી હતી. તેમાં કેવળ દયાના ભાવ નિર્ઝરતા હતા. તિરસ્કારનો એક તણખો પણ તેમાં તડતડતો નહોતો. ભગવાન કે ભગવાનના સંતો-ભક્તો જ્યારે પાપી જીવનો તિરસ્કાર કરે, ત્યારે જાણવું કે પૃથ્વી ઉપરથી શીતળતા ઓસરી.

શાર્દૂલ ખસિયા ઉપરથી નજર હટાવી શ્રીજીમહારાજ બોલ્યા : "શાર્દૂલ ! એ પૂછવું રહેવા દ્યો."

હૃદયમાં ઘૂંટાતી સમગ્ર વ્યથાને કંઠે લાવી શાર્દૂલે આર્જવભાવે કહ્યું : "ના, મહારાજ ! આપ શાર્દૂલને આંગણેથી ભોજન લીધા વિના જાવ તો શાર્દૂલની જણનારી લાજે."

હૃદયમાં ઘૂંટાતી સમગ્ર વ્યથાને કંઠે લાવી શાર્દૂલે આર્જવભાવે કહ્યું : "ના, મહારાજ ! આપ શાર્દૂલને આંગણેથી ભોજન લીધા વિના જાવ તો શાર્દૂલની જણનારી લાજે."

ત્યારે ભગવાન શ્રીહરિએ કહ્યું : "દરબાર ! તમે જનનીને વચ્ચે લાવી હવે અમારું ઉદર ઓકાવો છો." આટલું બોલતા શ્રીજીમહારાજનો રંગ ફર્યો. વદન ઉપર સૂર્યના કિરણો ચકરાવો લેવા લાગ્યાં. વિરાટરૂપ વિસ્તરવા લાગ્યું. ધરતી ધરતી ન રહી. આકાશ આકાશ ન રહ્યું. વન દિશા કાંઈ ના રહ્યું. રહ્યું ફક્ત શ્રીજીમહારાજનું **વિરાટ સ્વરૂપ** અને સામે અવાક્ બનીને ઊભેલા શાર્દૂલ દરબાર. ત્યાં તો ક્ષિતિજોને ભરી દેતો **દિવ્ય અવાજ** શાર્દૂલને કાને અથડાયો : "દરબાર ! અમે અનંત બ્રહ્માંડોના નિયંતા પૂર્ણ પુરુષોત્તમનારાયણ ! સદાચાર-સંયમ અને પરમાત્મ તત્ત્વની આધારશિલા ઉપર સ્થપાયેલ વિશ્વના બધા ધર્મો અમારા જ છે. પાલિતાણાના પવિત્ર શેત્રુંજા પર્વત ઉપર હેમા શાહે બંધાવેલા જૈન દેરાસરમાં મુખ્ય નાયક સમા **સંભવનાથજી** બિરાજે છે. તે સંભવનાથજીના ભાલપ્રદેશ ઉપરથી તમે ચોરેલો મહાકીમતી **તિલકમણિ** તમારી પાસે છે. મહુવાના અંગ્રેજ અમલદાર મિલ સાહેબ તે મણિ શોધે છે. તમે તેમને મણિ આપી આવવાનું વચન આપો તો પછી જ અમે જમવા પાછા વળીશું."

દિગ્ગજોને ડોલાવી નાખતો અવાજ થંભ્યો. પૃથ્વી શાંત પડી. શાર્દૂલના મનઃચક્ષુ સામે **ભૂતકાળ**ની એક **ઘટના** ઊપસી આવી. ઘણાં વર્ષો પૂર્વે તેમણે આ તિલકમણિની ચોરી કરી હતી. સરકારમાં ચોરીની જાણ થઈ અને તેની તપાસ ચાલી. તેમને આ વાત જાણવામાં આવી છતાં તિલકમણિ પોતા પાસે છે તેવું જાહેર કરેલું નહિ. ઘણા વર્ષો બાદ આ ગુપ્ત વાત સર્વજ્ઞ અંતર્યામી શ્રીહરિના મુખે આજ જાહેર થઈ. અક્રૂર જેવા ભક્તરાજને પણ સ્યમંતકમણિનો મોહ છૂટ્યો નહોતો અને ભગવાન શ્રીકૃષ્ણથી તેમણે આ વાત ગુપ્ત રાખી હતી. શાર્દૂલની વિચિત્ર **પરિસ્થિતિ** થઈ. એક તરફ મણિનો મોહ અને બીજી તરફ ઈષ્ટદેવની આજ્ઞા. આ બંને વચ્ચે તેમનું મન હિંડોળા ખાવા લાગ્યું. વળી, આંગણે આવેલા દેવરૂપ અતિથિ જમ્યા વગર જશે તે વિચાર પણ તેમના હૃદયમાં શૂળની માફક ખૂંચવા લાગ્યો.

મણિનો મોહ, ભગવાન શ્રીહરિનો સ્નેહ અને તેઓની આજ્ઞા - આ વિવિધ ભાવોનું હૃદયમાં **ઘમસાણ** મચ્યું.

શાર્દૂલ કિંકર્તવ્યમૂઢ બનીને ઊભા હતા. ત્યાં તો મહારાજનો **સ્નેહસભર સ્વર** સંભળાયો : "દરબાર ! શું વિચારો છો ?"

અને આ સ્વર સુણતાં જ વિચારવમળમાં અટવાયેલું શાર્દૂલનું મન શ્રીજીમહારાજના સ્નેહથી ખેંચાયું. મોહ ઉપર મહારાજની **સ્નેહ-સરિતા**એ વિજય મેળવી શાર્દૂલનું અંતઃકરણ શરદઋતુના આકાશ જેવું **સ્વચ્છ** કરી દીધું.

દરબારે અર્જુનની જેમ કહ્યું : "મહારાજ ! આપની કૃપાથી મારો મોહ નષ્ટ થયો છે. આપના વચનનું હું પાલન કરીશ. આપ પાછા પધારો."

પ્રસન્ન થયેલા ભક્તવત્સલ ભગવાન શ્રીહરિએ રોજાનું ચોકડું મોણપુર ભણી મરડ્યું. દરબારને આનંદ આનંદ થઈ ગયો. સંતો-હરિભક્તો સહિત શ્રીજીમહારાજ પ્રેમભાવથી જમ્યા. આજે જમવામાં જુદો જ સ્વાદ હતો. પછી

દરબારે કહ્યું : "મહારાજ ! આપનું વચન પાળવા હું અત્યારે જ મહુવા જાઉં છું. આપ કૃપા કરીને હું પાછો આવું ત્યાં સુધી રોકાવ."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : "દરબાર ! અમારે આજે રાત્રે મહુવાના રસ્તે એક આહીર ભક્તના નેસમાં રોકાવાનું છે. તમે અમને કાલે ત્યાં મળજો." એમ કહીને મહારાજે સંઘ સહિત વિદાય લીધી.

દેવઘરમાં સુવર્ણની ડબીમાં સાચવેલો તિલકમણિ લઈને દરબારે પોતાની બંડીમાં મૂક્યો. ઘોડેસવાર થઈને મોડી રાત્રે **મહુવા** મિલ સાહેબના બંગલે પહોંચ્યા. બંગલાના દરવાજે સંત્રી પહેરો ભરતો હતો. શાર્દૂલે તેને કહ્યું : "મિલ સાહેબને ઉઠાડીને કહો કે શાર્દૂલ ખસિયા ખાસ મુલાકાતે આવ્યા છે." અમીર દિલના મિલ સાહેબના હૃદયમાં દરબાર શાર્દૂલ ખસિયાની પ્રતિષ્ઠા મહાન હતી. અંદર જવાનો હુકમ આવ્યો. મિલ સાહેબે પલંગમાંથી ઊઠી શાર્દૂલજીનું સ્વાગત કર્યું.

"કેમ દરબાર ! અત્યારે આવવું થયું ?" મિલ સાહેબે આશ્ચર્યથી પૂછ્યું.

શાર્દૂલ ખસિયાએ બંડીમાંથી તિલકમણિ કાઢીને સાહેબના હાથમાં મૂક્યો. તે ચીમનીબત્તીના અજવાળે ઝળહળી ઊઠ્યો. ક્ષણભર **મિલ સાહેબ** મણિ સામું જોઈ રહ્યા. 'ત્રીસ વર્ષ પૂર્વે ચોરાયેલ સંભવનાથના તિલકમણિની શોધ કરવી' - એમ ડાયરીમાં તેમણે **નોંધ** ટપકાવી રાખી હતી, તે જ મણિ તેમના હાથમાં આવતાં તેઓ **આશ્ચર્યમૂઢ** બની ગયા.

"આ મણિ તમારી પાસે ક્યાંથી દરબાર ?"

શાર્દૂલ ખસિયાએ **ભૂતકાળનો ઈતિહાસ** મિલ સાહેબને કહી સંભળાવ્યો.

"ઓહ ! આ મણિ તમે સુપરત કરો છો, પરંતુ જાણો છો દરબાર ! તમને શી **સજા** થશે ? તમારી પ્રતિષ્ઠા ધૂળમાં મળી જશે !"

"જાણું છું સાહેબ ! પણ મારા ઈષ્ટદેવની આજ્ઞાને હું મારી કીર્તિ કરતાં વિશેષ માનું છું. તેમણે મને આ મણિ તમને સોંપવા મોકલ્યો છે."

"હેં... હેં...!" મિલ સાહેબ ખુરશીમાંથી ઊભા થઈ ગયા. શાર્દૂલની પાસે આવી તેમના ખભા ઉપર હાથ મૂકી બોલ્યા : "આવા કોણ તમારા ઈષ્ટદેવ છે કે જે પોતાના ભક્તને આવું ધર્મમય કાર્ય કરવાની **આજ્ઞા** કરે છે ?"

"એ છે સાહેબ...!" ક્ષણભર શાર્દૂલની દૃષ્ટિ ઊંચે મંડાણી... સોનેરી પાઘ ધારણ કરેલું મરક મરક હસતું એક વદન નજર સમક્ષ આવ્યું ને શાર્દૂલ ખસિયા બોલી ઊઠ્યા : "એ છે સાહેબ ! **ભગવાન શ્રી સ્વામિનારાયણ.**"

આ સાંભળી મિલ સાહેબે આશ્ચર્ય વ્યક્ત કર્યું : "જેમના ઉપર અમારો કાયદો, બંદૂકો કે સત્તા કામ નથી કરતાં, એ લૂંટારા માણસોને સુધારનાર અને આખા ગુજરાતમાં ભગવાન તરીકે અનેકના હૃદયમાં સ્થાન પામેલા પેલા ગઢડાવાળા સ્વામિનારાયણ **સહજાનંદજી**ને !"

"હા, સાહેબ ! તેમણે જ મારે ઘેર આવી મારા ઘરનું અન્ન હરામ કર્યું. અને મને અંતર્યામીપણે કહ્યું કે તમે પેલો ચોરાયેલો મણિ મહુવાના મિલ સાહેબ ગોતે છે તેમને તમે સોંપી આવો, તો જ અમે



તમારે ઘેર જમી શકીએ."

"સાહેબ ! મારું રાંધેલું અન્ન છોડીને મારા ભગવાન ચાલ્યા ગયા." શાર્દૂલનો કંઠ રૂંધાઈ ગયો. ગળું ખંખેરીને એ બોલ્યા : "હું પાછળ ગયો અને ભગવાન શ્રીહરિએ મને તિલકમણિ પાછો આપી દેવાની આજ્ઞા કરી. તે આજ્ઞાને **શિરોમાન્ય** કરી હું આ તિલકમણિ તમને આપવા આવ્યો છું. હવે તમારે જેમ કરવું હોય તેમ કરો. આ ઊભો છું હું આપની સામે."

હવે તો મિલ સાહેબને સદ્ધર્મના સ્થાપક ભગવાન શ્રી સ્વામિનારાયણને મળવાની **તાલાવેલી** જાગી. તેમણે કહ્યું : "દરબાર ! તમે રાત અહીં રોકાવ. સવારે આપણે બંને તેઓને મળવા જઈશું. ક્યાં છે તેઓ ?"


"સાહેબ ! મારા ગામ અને મહુવાની વચ્ચે એક નેસડામાં તેઓ બિરાજે છે." શાર્દૂલ દરબારે ભગવાન શ્રીહરિના નિવાસ અંગે સાહેબને જણાવ્યું.

સવારે બંને જણ તે નેસડામાં ગયા. શ્રીજીમહારાજના દર્શનથી મિલ સાહેબ ઘણા જ પ્રભાવિત થયા. તેમણે શાર્દૂલ ખસિયાને કહ્યું : "દરબાર ! મહાપ્રભુએ તમારા બધા ગુના માફ કરીને તમને **શુદ્ધ કંચન** જેવા બનાવ્યા છે. માટે હું કંઈ સજા કરું તો હું પાપમાં પડું. ઈષ્ટદેવની આજ્ઞામાં જ સર્વ પુરુષાર્થની સિદ્ધિ માનનારા તમારા જેવા ભક્તોથી તો આ ભૂમંડળ પવિત્ર બને છે."

શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં કહ્યું છે : 'स्वपादमूलं भजतः प्रियस्य त्यक्तान्यभावस्य हरिः परेशः । विकर्म यच्चोत्पतितं कथञ्चिद् धुनोति सर्वं हृदि सन्निविष्टः ॥ - જે અનન્યભાવે હરિને ભજે છે અને હરિચરણમાં ચિત્ત રાખે છે તેનાથી જો કોઈ વાર અવળું કર્મ થઈ જાય તો હૃદયમાં બિરાજમાન હરિ તેને પણ મુક્ત કરે છે. તેના કર્મના ફળરૂપે સજા ભોગવવામાંથી તેને બચાવે છે.

સર્વધર્મ પ્રત્યેની દિલની દિલાવરી અને પોતાના આશ્રિતો ઉપર તેમની નિર્મળી છાંટી તેમને શુદ્ધ કરનાર ભગવાન **શ્રી સ્વામિનારાયણ**ની **છબી** મિલ સાહેબના અંતરમાં કંડારાઈ ગઈ અને તે છબીની **સ્મૃતિ** તેમને જીવનભર રહી.

■■■




## મહુવાની જનની
# શ્રી ભવાની માતા મંદિર

ગુજરાત રાજ્યમાં માત્ર એકજ **મહુવા** એવું નગર છે, જેને 'કાશ્મીર'નું **બિરુદ** પ્રાપ્ત થયું છે. આ રળિયામણા નગરથી માત્ર ૪ કીલોમીટર દૂર શ્રી ભવાની માતાનું મંદિર આવેલું છે. ત્યાં પાસે જે વર્તમાન **કતપર** નામે ઓળખાતું ગામ છે તે પ્રાચીન સમયમાં **વિદર્ભ** દેશનું **કુંદનપુર** નામે ઓળખાતું હતું. શ્રી ભવાનીદેવી તે રાજ્યના **કુળદેવી** હતા.

આ મંદિરના ઈતિહાસમાં એવું કહેવાય છે કે, યાદવો દ્વારકામાં આવ્યા તે પહેલાનું છે. વર્ષો પૂર્વે ભવાની માતાના મંદિર પાસેના સમુદ્ર કિનારા ઉપર ઈંટ-માટીથી ચણેલ પાંચ ફૂટ જાડાઈનો **પુરાણો** કિલ્લો મળી આવ્યો હતો. એ કિલ્લો સમુદ્ર સામે ટક્કર ન લઈ શકવાથી કાળાંતરે તૂટી ગયો. એ કિલ્લાની ઈંટો તથા માટીના વાસણોના ટુકડાઓ જોતાં આ સ્થાન **લોથલ સંસ્કૃતિ** જેટલું પ્રાચીન હશે એવું માનવામાં આવે છે.

આમ, આ ભવાનીદેવી મંદિર ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજી તથા શ્રી રુક્મિણીના ચરણારવિંદથી અંકિત થયેલ છે. આજે હજારો દર્શનાર્થી પધારી આ સ્થાનના **દર્શન** કરી **ધન્યતા** અનુભવે છે.

**ઈતિહાસ કથા :-** શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધ (ઉતરાર્ધ) અધ્યાય ૫૨ માં વર્ણવવામાં આવી છે.

વિદર્ભ દેશના અધિપતિ **ભીષ્મક** નામે મોટા રાજા હતા. તેને પાંચ દીકરા અને એક દીકરી હતી. સૌથી મોટો રુક્મી નામે હતો અને તેથી નાના રુક્મરથ, રુક્મબાહુ, રુક્મકેશ તથા રુક્મમાલી નામના પુત્રો હતા. તેની બહેનનું નામ **'રુક્મિણી'** હતું. તેમણે રાજપ્રસાદમાં આવનારા અતિથિઓ અને સત્પુરુષો દ્વારા ભગવાન શ્રીકૃષ્ણના સૌંદર્ય, સદ્‌ગુણ, સામર્થ્ય તથા અનંત ઐશ્વર્યની વાત સાંભળીને એમના પ્રત્યે કુદરતી રીતે જ અનંત આકર્ષણનો અનુભવ કરીને પતિરૂપે મનોમન પસંદ કર્યા. ભગવાન શ્રીકૃષ્ણને પણ રુક્મિણીની લોકોત્તર યોગ્યતાની માહિતી હોવાથી એમની દૃષ્ટિ એના પર ઠરેલી અને એમણે એને અપનાવવાનો વિચાર કરી રાખેલો.

પિતાદિ સર્વે સંબંધીજનો રુક્મિણીના **લગ્ન** ભગવાન શ્રીકૃષ્ણ સાથે કરવા તેવું ઈચ્છતા હતા. પરંતુ ભગવાનનો દ્વેષ કરનારા રુક્મીએ તે વાત માન્ય ન રાખી, તેણે રુક્મિણીનું ચેદી રાજકુમાર શિશુપાળની સાથે **સગપણ** કરાવ્યું. તે વાત જાણી બહુજ કચવાયેલા રુક્મિણીએ વિચાર કરી, તરત પોતાના વિશ્વાસપાત્ર અને સત્યવક્તા એક **સુનંદ** નામના **બ્રાહ્મણ**ને પત્ર આપીને ભગવાનની પાસે મોકલ્યા. પત્રમાં રુક્મિણીની ચતુરાઈ અને બુદ્ધિમત્તા છતી થાય છે. રુક્મિણીજી પત્રમાં લખે છે :

"હે પ્રભુ ! સાંભળનારાઓના કાનના છિદ્રોથી મારા હૃદયમાં પેસી, મારા તાપને હરનાર તમારા ગુણો અને સર્વે મનોરથોના લાભરૂપ તમારું રૂપ સાંભળીને, લાજ વગરનું મારું ચિત્ત તમારામાં લાગી રહ્યું છે. આપ કુળ, શીલ, વિદ્યા, રૂપ, અવસ્થા, ધન અને પ્રભાવથી પોતા તુલ્ય જ છો અને મનુષ્યોને પ્યારા લાગો એવા છો, આવા આપને સારા કુળની ઊંચા ગુણવાળી અને બુદ્ધિવાળી કઈ કન્યા વિવાહના અવસરમાં ન વરે ? એટલા માટે હે પ્રભુ ! હું તમને પતિ કરીને વરી ચૂકી છું અને મારો દેહ આપને **અર્પણ** કરેલો છે, માટે અહીં પધારીને પત્ની તરીકે મારો **સ્વીકાર** કરો. સિંહના ભાગને શિયાળ જેમ અડકી શકે નહિ, તેમ હું આપના ભાગરૂપ છું તેને શિશુપાળ આવીને સ્પર્શ ન કરે એ મારી **પ્રાર્થના** છે. જળાશયાદિકનું નિર્માણ, અગ્નિહોત્રાદિક યજ્ઞ, દાન, નિયમ, વ્રત અને દેવ, બ્રાહ્મણ તથા ગુરુના પૂજનાદિકથી પરમેશ્વર ભગવાનની મેં પૂર્વ જન્મોમાં પણ જો આરાધના કરી હોય તો તમે આવીને મારું **પાણિગ્રહણ**

કરો.''

(શ્રીમદ્ ભાગવત : ૧૦/૫૨/૩૭-૪૦)

આ રીતે પત્રમાં **રુક્મિણી** ભગવાન શ્રીકૃષ્ણને ઉદ્દેશીને પોતાના પ્રેમનો સ્વીકાર જણાવે છે અને ભવાનીના મંદિરેથી લગ્નના દિવસે પોતાનું અપહરણ કરવા તથા પોતાને સ્વીકારવા ભગવાન શ્રીકૃષ્ણને પ્રાર્થના કરે છે.

ભગવાન શ્રીકૃષ્ણે સંદેશો સાંભળી તે બ્રાહ્મણનો હાથ પોતાના હાથે પકડી, હસતાં હસતાં કહ્યું : ''હે સુનંદ ! મારું ચિત્ત રુક્મિણીમાં જ લાગ્યું છે અને તેની ચિંતાને લીધે રાતની નિદ્રા પણ આવતી નથી. રુક્મીએ દ્વેષને લીધે મારા **વિવાહ**ને અટકાવ્યો છે તે હું જાણું છું. મનુષ્ય લાકડાનું મંથન કરી જેમ અગ્નિની શિખાને બહાર લાવે, તેમ યુદ્ધમાં નીચ રાજાઓનું મંથન કરી મારા પરાયણ અને નિર્દોષ અંગવાળી તે રુક્મિણીને હું બહાર લાવીશ.''

પરમ દિવસે રાત્રીમાં રુક્મિણીના વિવાહનું નક્ષત્ર છે - એમ જાણી ભગવાન શ્રીકૃષ્ણે પોતાના સારથીને કહ્યું : ''હે દારુક ! મારા રથને તૈયાર કરો.'' શૈબ્ય, સુગ્રીવ, મેઘપુષ્પ અને બલાહક નામના ચાર ઘોડાથી જોડેલો રથ પાસે લાવીને તે સારથી હાથ જોડીને આગળ ઊભો રહ્યો. ભગવાન પોતે રથમાં બેસી તથા બ્રાહ્મણને સાથે બેસાડી, ઘોડાઓને ઉતાવળા ચલાવ્યા અને ઓખા દેશમાંથી એક રાત્રીમાં વિદર્ભ દેશમાં ગયા. નછૂટકે પુત્ર રુક્મીની ઈચ્છા પ્રમાણે ચાલેલા કુંદનપુરના રાજા ભીષ્મક પોતાની પુત્રી રુક્મિણી શિશુપાળને પરણાવવા સારું સર્વે **તૈયારી** કરવા લાગ્યા. રાજમાર્ગ, નગરમાર્ગ, ચૌટાઓને સ્વચ્છ કરાવી રસ્તામાં પાણી છંટાવ્યાં. સ્ત્રીઓ અને પુરુષોએ માળા, સુગંધી પુષ્પ, આભરણ અને સ્વચ્છ વસ્ત્રોથી શણગાર કર્યા. ઘેર ઘેર અગરુના ધૂપની સુગંધી પ્રસરાવવામાં આવી. વિચિત્ર ધ્વજ-પતાકા અને તોરણોથી નગર શણગાર્યું. પિતૃ-દેવતાઓની વિધિ સહિત પૂજા કરી તથા બ્રાહ્મણોને યોગ્ય રીતે જમાડી સ્વસ્તિવાચન કરાવા લાગ્યું. રુક્મિણીને સ્નાન કરાવી, કૌતુકથી વિવાહસૂત્ર કરાવ્યું. વિદ્વાન બ્રાહ્મણોએ ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદના મંત્રોથી રુક્મિણીની રક્ષા કરી. રાજા ભીષ્મકે બ્રાહ્મણોને સોના, રૂપા, વસ્ત્ર, તલ, ગોળ અને ગાયોના દાન આપ્યાં. એ જ રીતે ચેદીના રાજા દમઘોષે પણ પોતાના પુત્ર શિશુપાળને માટે વિધિ જાણનારા બ્રાહ્મણોની પાસે વિવાહને યોગ્ય સર્વ કર્મ કરાવ્યું.

પછી મદ ઝરનાર હાથી, સોનાની માળાઓવાળા રથ, પાયદળ અને ઘોડાની ભારે ભીડવાળા સૈન્યોથી વીંટાઈને કુંદનપુરમાં ગયા. વિદર્ભ દેશના રાજા ભીષ્મકે તે દમઘોષનું સામૈયું કરી તથા સત્કાર કરી પ્રીતિથી મહેલમાં ઉતારો આપ્યો. શાલ્વ, જરાસંધ, દંતવક્ર, વિદૂરથ અને પૌંડ્રક આદિ શિશુપાળના પક્ષના હજારો રાજાઓ કે જેઓ ભગવાન શ્રીકૃષ્ણ તથા બળદેવજીના શત્રુ હતા, તેઓ સજ્જ થઈને જાનમાં આવ્યા હતા.

બળદેવજી આદિક યાદવોથી વીંટાયેલા ભગવાન **શ્રીકૃષ્ણ** જો અહીં આવીને રુક્મિણીનું હરણ કરશે તો રુક્મિણી શિશુપાળને અપાવવા સારુ સર્વે એક થઈને કૃષ્ણની સાથે યુદ્ધ કરીશું એવો દૃઢ નિશ્ચય કરી પોતાના સર્વ સૈન્ય અને વાહનોને સાથે લઈ એ સર્વ રાજાઓ આવ્યા હતા. આવી રીતનો શત્રુના પક્ષના રાજાઓનો ઉદ્યમ સાંભળી રુક્મિણીનું હરણ કરવા ભગવાન શ્રીકૃષ્ણને એકલા ગયેલા જાણી યુદ્ધની શંકાથી **બળદેવજી** પણ હાથી, ઘોડા, રથ અને પાયદળનું મોટું સૈન્ય લઈ ભાઈના સ્નેહથી વ્યાપ્ત થવાને લીધે તરત **કુંદનપુર** આવ્યા. સુંદર રૂપવાળા રુક્મિણી કે જે ભગવાનના આવવાની રાહ જોતા હતા તે પોતે મોકલેલા બ્રાહ્મણ પાછા આવ્યા નહિ, તેથી **ચિંતા** કરવા લાગ્યા કે, ''હું મંદભાગ્યવાળી છું. મારા વિવાહને એકજ રાત આડી રહી છે અને હજુ સુધી ભગવાન આવતા નથી. મારો પત્ર લઈ જનાર સુનંદજી પણ હજુ સુધી પાછા આવ્યા નથી. મારું પાણિગ્રહણ કરવામાં સજ્જ થઈને રખેને પછી કાંઈ મારામાં દોષ જાણવામાં આવતા નિર્દોષ ભગવાન રોકાઈ ગયા હોય !!'' આ પ્રમાણે **વિચાર** કરતા આંસુના ટીપાંઓથી વ્યાકુળ થયેલી પોતાની આંખોને મીંચી ગયા. રુક્મિણી ભગવાનના આવવાની રાહ જોતા હતા ત્યાં તેમના અંગોમાં પ્રિય સૂચન થયું. ડાબો હાથ, ડાબો સાથળ અને ડાબી આંખ ફરકી. તેટલીવારમાં સુનંદજી આવ્યા. સ્વસ્થ રીતે અને પ્રફુલ્લિત મુદ્રામાં સુનંદજીને આવતા જોઈ રુક્મિણીએ મનોહર રીતે હસીને સુનંદજીને પૂછ્યું. તેથી સુનંદજીએ ભગવાન શ્રીકૃષ્ણ આવી પહોંચ્યાની તથા પાણિગ્રહણ કરવાનું જે સત્ય વચન આપ્યું હતું તે સર્વ વાત રુક્મિણીજીને કહી સંભળાવી. રુક્મિણીએ ભગવાન આવ્યાની વધામણી દેવા બીજી કોઈ પ્રિય વસ્તુ નહિ દેખતાં કેવળ નમસ્કાર કરી પોતાની **પ્રસન્નતા** સુનંદજી ઉપર વ્યક્ત કરી.

ભગવાન શ્રીકૃષ્ણ તથા બળદેવજી પોતાની દીકરીનો વિવાહ જોવાના ઉત્સાહથી આવ્યા છે તેવું સાંભળી ભીષ્મક રાજાએ પૂજનના પદાર્થો લઈ ગાજતે-વાજતે તેઓનું સામૈયું કરી સુંદર ઉતારો કરાવ્યો. કુંદનપુરના રહેવાસીઓ ભગવાનને આવ્યા સાંભળી, ત્યાં આવીને પોતાના નેત્રરૂપી પડિયાંઓથી તેઓના મુખારવિંદને પીવા લાગ્યા અને કહેવા લાગ્યા કે, ''રુક્મિણી આની પત્ની થવાને યોગ્ય છે. આપણું કાંઈ પુણ્ય હોય અને તેથી ભગવાન પ્રસન્ન થઈને અનુગ્રહ કરવાના હોય તો ભગવાન શ્રીકૃષ્ણ રુક્મિણીનું પાણિગ્રહણ કરે એજ અનુગ્રહ કરજો.''

આ પ્રમાણે પ્રેમ બંધાયેલા લોકો વાતો કરતા હતા. તે સમયમાં ઘણા યોદ્ધાના રક્ષણ તળે રુક્મિણી પણ ભવાની માતાના દર્શન કરવા સારુ અંતઃપુરમાંથી બહાર નીકળ્યાં. માતાજીના દર્શન કરવા સારુ પગે જ ચાલ્યા જતાં રુક્મિણીજીના મનમાં ભગવાનના સ્વરૂપનું ધ્યાન સારી રીતે લાગ્યું હતું. માતાઓ સાથે હતી, પોતે મૌનવ્રત રાખ્યું હતું અને સખીઓ ચારેકોર વીંટાઈને ચાલતી હતી. શૂર, સજ્જ અને જેઓએ આયુધ ઉપાડ્યાં હતા એવા યોદ્ધાઓ રક્ષણ કરતા આવતા હતા. મૃદંગ, શંખ, પણવ, તૂરી અને ભેરીઓ વાગતા હતા. ભવાની દેવીના મંદિરની પાસે આવી હાથ-પગ ધોઈ આચમન લઈ પવિત્રતાથી તથા ધીરજથી રુક્મિણીએ દેવીના મંદિરમાં પ્રવેશ કર્યો. રુક્મિણીએ **દેવીને** પ્રણામ કરી તેમજ અનેક ઉપચારોથી **પૂજન-અર્ચન** કરી પ્રાર્થના કરતા કહ્યું : ''હે દેવી ! ભગવાન શ્રીકૃષ્ણ મારા પતિ થાય એવી મારા ઉપર આપ કૃપા કરજો.'' આ રીતે **પ્રાર્થના** કરી મંદિરમાંથી બહાર નીકળ્યા.

દેવતાઓની માયાની પેઠે વીરલોકોને મોહ પમાડનારા, સારી કટીવાળા, કુંડળથી શોભિત મુખવાળા અને સર્વાંગે આભરણોથી સુશોભિત અને સુંદર ચાલવાળા રુક્મિણીને જોઈને યશસ્વી વીર લોકો કે જેઓ ત્યાં ભેળા થયા હતા તેઓ સર્વે મોહ પામી ગયા. ચાલવાના મિષથી પોતાની શોભા ભગવાનને દેખાડતાં તે રુક્મિણીને જોઈને સર્વે રાજાઓ તેના ઉદાર હસવા અને લાજ સહિત જોવાથી ચિત્ત હરાઈ જતા હથિયાર છોડી દઈ મૂઢ થઈને, હાથી તથા ઘોડાઓ ઉપરથી પડવા લાગ્યા. પોતાના ચરણકમળને ધીરે ધીરે ચલાવતાં તે સમયે ભગવાન શ્રીકૃષ્ણ આવી પહોંચ્યાની વાટ જોતા રુક્મિણીએ ડાબા હાથના નખવડે પોતાના કેશ ઊંચા કરીને, નેત્રથી અણીઓથી ત્યાં આવેલા રાજાઓને લાજથી જોયા. ત્યાં તરત **ભગવાન શ્રીકૃષ્ણ** જોવામાં આવ્યા. રુક્મિણી રથ ઉપર ચડવા જતા હતા તેટલી વારમાં ભગવાન શ્રીકૃષ્ણે સર્વે શત્રુના દેખતા જ રુક્મિણીનું હરણ કર્યું. શ્રીકૃષ્ણ રાજાઓનો પરાભવ કરી રુક્મિણીને પોતાના ગરુડના ચિહ્નવાળા રથમાં બેસાડી, જેમ શિયાળિયાના ટોળામાંથી પોતાનો ભાગ લઈને સિંહ જાય તેમ ત્યાંથી બળદેવાદિ યાદવોની સાથે ધીરે ધીરે ચાલ્યા. જરાસંધના વશમાં રહેનારા બીજા અભિમાની રાજાઓ કીર્તિનો ક્ષય કરનારા, એ પોતાના પરાભવને સહન કરી શક્યા નહિ, તેથી કહેવા લાગ્યા કે, “આપણા હાથમાં હથિયારો છે છતાં જેમ કેસરીના યશને મૃગ લઈ જાય તેમ આપણા યશને ગોવાળો લઈ ગયા, આપણને ધિક્કાર છે.”

આ પ્રમાણે ક્રોધના આવેશથી વાહનો ઉપર બેસી, કવચો પહેરી, ધનુષો હાથમાં લઈ પોતપોતાના સૈન્યોની સાથે **સર્વે રાજાઓ** શ્રીકૃષ્ણની પાછળ દોડ્યાં. એ લોકોને આવતા જોઈ યાદવોના સૈન્યના **યૂથપતિઓ** પોતાના ધનુષોના ટંકાર કરી તેઓની સામા ઊભા રહ્યા. ઘોડા, હાથી અને રથો ઉપર બેસવામાં બહુ જ નિપુણ એવા રાજાઓ, જેમ વાદળાં પર્વતો ઉપર પાણીની વૃષ્ટિ કરે તેમ યાદવો ઉપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. રુક્મિણી શ્રીકૃષ્ણના સૈન્યને બાણની વૃષ્ટિથી ઢંકાયેલું જોઈ ભયથી વિહ્વળ બની શ્રીકૃષ્ણને જોવા લાગ્યા. ભગવાને હસીને કહ્યું : “હે દેવી ! ચિંતા ન કરશો. હમણાં જ આ શત્રુઓનું સૈન્ય યાદવોના હાથથી નાશ પામશે.” એ રાજાઓના પરાક્રમને નહિ સહન કરતા ગદ અને બળદેવજી આદિ યાદવો બાણોથી શત્રુઓના હાથી, ઘોડા અને રથને નાશ કરવા લાગ્યા. રથ, ઘોડા અને હાથીઓ ઉપર બેઠેલા યોદ્ધાઓના કુંડળ, કિરીટ તથા પાઘડીઓ સહિત અનેક માથાઓ ધરતી ઉપર પડવા લાગ્યા.

સૈન્યને મરતા જોઈ જરાસંધ આદિક રાજાઓ પીઠ બતાવીને ભાગી ગયા. શિશુપાળની પણ કાંતિ નાશ પામી હતી, ઉત્સાહ જતો રહ્યો હતો, મોઢું સૂકાતું હતું અને જાણે પોતાની પરણેલી સ્ત્રી હરાઈ ગઈ હોય તેમ આતુર થયો હતો. તેને મળીને સર્વે રાજાઓએ સમજાવ્યો કે, “હમણાં શત્રુઓ પોતાને કાળ અનુકૂળ હોવાને લીધે જીતી ગયા છે, પરંતુ જ્યારે આપણને કાળ અનુકૂળ થશે ત્યારે આપણે જીતીશું.” મિત્રોએ સમજાવ્યું એટલે શિશુપાળ પોતાના અનુચરો સહિત પોતાના પુરમાં ગયો અને મરતાં બાકી રહેલા તે રાજાઓ પણ પોત પોતાના નગરોમાં ગયા.

શ્રીકૃષ્ણે રુક્મિણીજીનું હરણ કર્યું છે તેવું જાણીને **રુક્મી** તો એક અક્ષૌહિણી સેના સાથે લઈને ભગવાનની પાછળ ગયો. ક્રોધ પામીને સર્વે રાજાઓને સાંભળતા રુક્મીએ **પ્રતિજ્ઞા** કરી કે, “યુદ્ધમાં કૃષ્ણને માર્યા વિના અને રુક્મિણીને પાછી લાવ્યા વિના હું કુંદનપુરમાં પ્રવેશ નહિ કરું.” આ પ્રમાણે બોલી રથમાં બેસી શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કરવા આવ્યો. ‘આજ દુર્બુદ્ધિવાળા ગોવાળના પરાક્રમના અભિમાનને સજાવેલા બાણથી ઉતારી નાખીશ, જે બળાત્કારથી મારી બહેનને હરી ગયો છે.’ આ પ્રમાણે બક્તા અને ભગવાનના પ્રભાવને નહિ જાણતા રુક્મીએ ભગવાન શ્રીકૃષ્ણ પાસે પહોંચી જઈ ‘ઊભો રહે... ઊભો રહે...’ એવી હાકલ કરી. ધનુષને ખેંચીને શ્રીકૃષ્ણને ત્રણ બાણ માર્યા અને કહ્યું : “હે યાદવોના કુળને વટલાવનાર ! અહીં ક્ષણમાત્ર ઊભો રહે. કાગડો જેમ યજ્ઞના હવિને લઈ જાય તેમ મારી બહેનને લઈને તું ક્યાં જાય છે ? તું માયાવી અને કપટથી યુદ્ધ કરનાર છે તે તારો મદ આજ હું ઉતારીશ. હું તને હજુ ચેતવણી આપું છું કે મારા બાણથી મરણ પામીને તું સૂઈ ગયો નથી તે પહેલા મારી બહેનને મૂકી દે.” અભિમાની રુક્મીની વાત સાંભળી શ્રીકૃષ્ણે હસતાં હસતાં રુક્મીનું ધનુષ કાપી નાખી, છ બાણથી તેને વીંધ્યો. આઠ બાણથી ચાર ઘોડાને વીંધ્યા, બે બાણથી સારથીને વીંધ્યો અને ત્રણ બાણથી તેની ધજાને વીંધી નાખી. રુક્મીએ બીજું ધનુષ લઈ ભગવાનને પાંચ બાણ માર્યા. ઘણા બાણથી પ્રહાર પામેલા શ્રીકૃષ્ણે તેનું ધનુષ કાપી નાખ્યું. રુક્મીએ ત્રીજું ધનુષ લીધું તો તે પણ ભગવાને કાપી નાખ્યું. આ પ્રમાણે પરિઘ, પટ્ટિશ, શૂલ,ઢાલ, તલવાર, સાંગ અને તોમર આદિ જે જે આયુધો રુક્મીએ લીધા તે સર્વે આયુધ ભગવાને કાપી નાખ્યાં.

પછી રુક્મી રથમાંથી ઊતરી પડી હાથમાં ખડગ લઈને પતંગિયો જેમ અગ્નિ સામે દોડે તેમ મારી નાખવાની ઈચ્છાથી ભગવાન શ્રીકૃષ્ણની સામે દોડ્યો. રુક્મી આવતો હતો ત્યાં માર્ગમાં જ ભગવાને તેની તલવારને તથા ઢાલને પોતાના બાણો વડે કાપી તિલ તિલ જેટલા કટકા કરી નાખ્યાં અને પછી તેને મારી નાખવા સારુ તીક્ષ્ણ તલવાર હાથમાં લીધી. ભાઈના વધને જોઈ ભયથી વિહ્વળ થયેલી **રુક્મિણી** શ્રીકૃષ્ણના પગમાં પડીને દીનવચન બોલ્યા : “હે નાથ ! મારા ભાઈ રુક્મીને મારશો નહિ.” રુક્મિણીની **પ્રાર્થના**થી ભગવાને રુક્મીને માર્યો નહિ. આમ છતાં પણ રુક્મી પોતાના **અનિષ્ટ પ્રયત્ન**થી અટક્યો નહિ. તેથી રુક્મીને વસ્ત્રથી બાંધી લઈ શ્રીકૃષ્ણે ઠેક ઠેકાણે થોડી થોડી દાઢી-મૂછ અને માથાના વાળ રહી જાય એવી રીતે મૂંડી નાખીને વિરૂપ કરી છોડી મૂક્યો.

આ રીતે યુદ્ધમાં સર્વેને **પરાસ્ત** કરી ત્યાંથી નીકળી શ્રીકૃષ્ણ રાત્રિ સમયે એક લીમડા નીચે આવીને **વિરામ** કરે છે. એ લીમડાનું ઝાડ અને એ સ્થળ આજના પીપાવાવ ધામને ગણવામાં આવે છે. જ્યાં શ્રીકૃષ્ણ ભગવાન રુક્મિણીજી સાથે **ગાંધર્વલગ્ન** કરે છે. આ પછી બીજા દિવસે ભગવાન શ્રીકૃષ્ણ અહીંથી આગળ વધીને માધવપુર (ઘેડ)માં રુક્મિણી સાથે **વિધિવત** લગ્ન કરે છે. આજે પણ ચૈત્ર સુદ -૯ના દિવસે અહીં આ **લગ્ન ઉત્સવ** મેળા સાથે ઉજવાય છે.

■■■

# મહુવાના તેજસ્વી તારકો

વિક્રમના બીજા શતકથી મહુવાના નામને રોશન કરે, રાજ્ય, રાષ્ટ્ર અને વિશ્વના સંદર્ભમાં ગૌરવ અપાવે એવા તેજસ્વી તારકોએ આ મહુવાની ભૂમિમાં માનવદેહ ધારણ કર્યો હતો. વર્તમાનમાં પણ ભિન્ન-ભિન્ન ક્ષેત્રે એના **પનોતા પુત્રોનું પ્રદાન** શ્રેષ્ઠ રહેલું છે. આવા સમર્થ (Talent) મહાનુભાવોનો પરિચય, એમના વિકાસની ભૂમિકા અને પરિબળોનો અભ્યાસ ક્યારેક આપણને માર્ગદર્શક અને પ્રેરણાદાયી બને છે.

## મહુવાના વહીવટકર્તા શ્રી ભાવડશા




ભાવડશા સોનાના પારણે ઝૂલ્યા હતા. અને રૂપાની દોરીએ હીંચક્યા હતા. પરંતુ સૂર્યાસ્તની માફક સમય પલટાયો અને ભાગ્યનું પાંદડું અવળું થયું. ભાવડશા અને એમના ધર્મપત્ની ભાવલાદેવી ભાગ્યના એ કારમા ધક્કા સામે અણનમ રહ્યા. ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ એમણે એમની આતિથ્ય ભાવના સતેજ રાખી.

એકાદ બે સંતો એમને આંગણે આવી ચડ્યા. અંતરના ઉલ્લાસપૂર્વક ભૂખનું દુઃખ સુખેથી સહીને એ સંતોને ભિક્ષાદાન કર્યું. ધર્મ પરાયણ દંપતીની આતિથ્ય ભાવના સંતોના અંતરને સ્પર્શી ગઈ. અનાયાસે સંતોના મુખેથી ભાવડશાના ઉજ્જવળ ભાવિના આશીર્વાદના શબ્દો સર્યા. સંતો વિદાય થયા, સાથોસાથ ભાવડશાનું દુર્દૈવ પણ.

અશ્વોના શાહ સોદાગર **ભાવડશા** રાજા વીર વિક્રમના દરબારમાં પહોંચ્યા. યુદ્ધમાં ધાર્યો વિજય અપાવે એવા જાતવંત, પાણીદાર અને લક્ષણવંતા અશ્વો રાજા વિક્રમને ભેટ ધર્યા. રાજા વિક્રમે દામ કહેવા જણાવ્યું. પ્રત્યુત્તરમાં શાહ સોદાગરે નમ્રતાથી કહ્યું : ''મહારાજ ! આપ દેશના તારણહાર છો, લોકકલ્યાણ એ આપનું **જીવનવ્રત** છે. મેં આપેલા અશ્વોનો ઉપયોગ પણ આપ દેશના ભલા માટે જ કરવાના છો. તો પછી આટલી અદની ભેટના દામ કેમ લેવાય ? દેશ સેવાના અને જનકલ્યાણના પુણ્યકાર્યનો મને પણ **લ્હાવો** લેવા દો.''

વિક્રમ રાજા તો ગુણના પૂજારી. એમણે રાજસભામાં જાહેર કર્યું : ''શાહ સોદાગર ! આપની ધર્મભાવના અને રાજભક્તિથી હું પ્રસન્ન છું. આપણા રાજ્ય અને દેશની શોભારૂપ **નવરત્ન**ને હું મધુમતી (મહુવા) અને તેની સાથેના બારગામનું પરગણું **બક્ષિસ** આપવાનું આથી જાહેર કરું છું. આપની ઉદારતા, કુલીનતા અને દેશભક્તિની અમે **કદર** કરીએ છીએ.'' આ પછીથી શાહ સોદાગર ભાવડશા **મધુમતી** (મહુવા)નો વહીવટ કરવા લાગ્યા.

## શ્રી વીરચંદ રાઘવજી ગાંધી



સન ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામ બાદ દેશભરમાં **જાગૃતિ**ની એક **લહેર** ફેલાઈ. સમાજ, જાતિ, ધર્મ, કાયદો, વ્યાપાર અને શિક્ષણ સહિત તમામ ક્ષેત્રોમાં પરિવર્તન આવી રહ્યું હતું. તે સમયે જૈનધર્મમાં આંતરિક વિખવાદો તો હતા જ, પણ સુધારાનો વિરોધ કરનારાઓ પુરાણીઓ રૂઢીઓને વળગી રહ્યા હોય તેમજ ધાર્મિક પ્રવૃત્તિઓ પર તેમનો જ પ્રભાવ હોય, કોઈ સાહસી અને પરિવર્તનપ્રિય નેતાની જરૂરત વર્તાતી હતી. તેવા સમયે **વીરચંદ ગાંધીનો જન્મ** સં. ૧૯૨૦ના શ્રાવણ વદ આઠમ (તા. ૨૫-૮-૧૮૬૪)ના દિવસે થયો હતો.

બચપણથી જ અભ્યાસમાં તે તેજસ્વી ! અભ્યાસ ઉપરાંત વ્યવહારુ કેળવણી અને ધાર્મિક પાઠશાળા વ્યાખ્યાનો વગેરેમાં તે રસ લેતા હતા. તે સમયે મહુવામાં માત્ર **પ્રાથમિક કેળવણી**ની **સગવડો** હતી. પછી આગળ અભ્યાસ માટે તેમના પિતાએ તેમને **ભાવનગર** મોકલ્યા. સન ૧૮૮૦માં તે મેટ્રિક્યુલેશનની પરીક્ષામાં પ્રથમ નંબરે આવ્યા. અભ્યાસ ઉપરાંત તેઓ વાંચનમાં તથા બીજી પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા હતા. અભ્યાસમાં તેમની દિલચસ્પી, એકાગ્રતા, બુદ્ધિપ્રધાનતા અને અંગ્રેજી પરનું તેમનું પ્રભુત્વ જોતા પિતાએ તેને આગળ ભણાવવાનો વિચાર કર્યો. પુત્ર પોતાની દેખરેખ નીચે જ ભણે એ માટે રાઘવજીભાઈએ પરિવાર સાથે મુંબઈ જઈ નિવાસ કર્યો. જૈનસમાજમાં વીરચંદ ગાંધીએ **સૌપ્રથમ સ્નાતક** થવાનું **ગૌરવ** મેળવ્યું.

એકવખત શિકાગોમાં યોજાનારી **વિશ્વધર્મ પરિષદ** અંગે જૈનધર્મમાં એક વિવાદ જાગ્યો. વિશ્વના બધા ધર્મના પ્રતિનિધિઓને આમંત્રણ મળેલા એ ન્યાયે જૈનધર્મના પૂ. આત્મારામજી મહારાજને પણ આમંત્રણ મળ્યું. તેમની વિદ્વત્તા અને યોગ્યતાની ખ્યાતિ યુરોપ-અમેરિકામાં ફેલાઈ હતી. પરંતુ જૈનધર્મની પરંપરા વિદેશની મુસાફરી માટે બાધક હતી. એટલે તેમણે આ પરિષદમાં હાજર રહેવા માટે દિલગીરી દર્શાવી. પરંતુ આયોજકોનો આગ્રહ હતો કે, જૈનધર્મના કોઈ પ્રતિનિધિ અવશ્ય હાજરી આપે. એટલે આત્મારામજીના પ્રતિનિધિ તરીકે વીરચંદભાઈ

ગાંધીની પસંદગી થઈ. વિશ્વવિખ્યાત જાદુગર પ્રો. નથુમંછાચંદની સાથે 'આસામ' સ્ટીમરમાં તેઓ **અમેરિકા** જવા રવાના થયા.

લગભગ ત્રણ હજાર પ્રતિનિધિઓની આ સભામાં ભારતના સ્વામી વિવેકાનંદજી તથા વીરચંદભાઈ ગાંધીએ **હાજરી** આપી. તેઓએ એવું તો પ્રવચન કર્યું કે સાંભળનારના હૃદય સોંસરવું ઊતરી જાય તેવું વાતાવરણ ખડું કરી દીધું હતું. આ પરિષદમાં વિશ્વભરના વિદ્વાનો ઉપસ્થિત હતા. એમના આ પ્રવચનની એવી તો અસર થઈ કે, અમેરિકામાં અનેક સ્થળે તેમના **પ્રવચનો** ગોઠવવામાં આવ્યા. અને અમેરિકામાં અસંખ્ય અખબારોમાં તેમના વિચારો વહેતા થયા.

વીરચંદ ગાંધી માત્ર ધર્મવિચારક જ ન હતા પણ તેઓ પલટાતા સમયમાં વિશ્વમાં કેવા સુધારા થવા જોઈએ તેની પણ સમજ તેઓ ધરાવતા હતા. આથી સને ૧૮૯૯માં આંતરરાષ્ટ્રીય વાણિજ્ય પરિષદમાં **એશિયાના પ્રતિનિધિ** તરીકે તેમની પસંદગી કરવામાં આવી હતી. દેશવિદેશના અનેક મહાનુભાવો સાથે તેમને મૈત્રી થઈ હતી. તેમણે **સમાજસુધારા** અને **લોકજાગૃતિ**ના અનેક નાના-મોટા કાર્યો કર્યા તેમજ અનેક લોકોને આવા કાર્યો કરવા માટે **પ્રેરણા** આપી.

પોતાના વિચારોથી અમેરિકાના અનેક બુદ્ધિજીવીઓને તેમણે પ્રભાવિત કર્યા હતા. આવી પ્રતિભાવાન વ્યક્તિઓનું આયુષ્ય હંમેશાં ઓછું હોય છે. વીરચંદ ગાંધીનો જીવનદીપ માત્ર ૩૭ વર્ષની વયે ૭મી ઓગષ્ટ ૧૯૦૧ના દિવસે બુઝાયો હતો.

વીરચંદ ગાંધીને **ગુજરાતના** બીજા **સ્વામી વિવેકાનંદ** કહેવામાં આવે છે. તે બંનેના વ્યક્તિત્વમાં પવિત્રતા, કર્તવ્યનિષ્ઠા અને સત્યતાના ગુણો હતા. બંને તત્ત્વજ્ઞાનના પ્રખર અભ્યાસી હતા. હિન્દુ ધર્મનું હાર્દ સમજાવવા બંને વિશ્વધર્મ પરિષદમાં જઈને સર્વનો આદર પામ્યા હતા. બંને દેશ અને દેશવાસીઓનો ઉદ્ધાર ઈચ્છતા હતા. બંનેનું આયુષ્ય અલ્પ, પણ કાર્યો વિરાટ હતા...!!

## શ્રી હરકિશન મહેતા



સને ૧૯૨૮માં હરકિશન મહેતાનો જન્મ થયો હતો. અને તેમનું બાળપણ પણ મહુવામાં જ વીત્યું હતું. પરંતુ જે પરિવારમાં તેમનો જન્મ થયો અને જે રીતે એમનો ઉછેર થયો એ જોતા હરકિશનભાઈ એક **સફળ પત્રકાર** અને **લોકપ્રિય લેખક** બને તે નર્યું આશ્ચર્ય છે. વ્યક્તિત્વમાં આ રીતે આવેલ પલટો, કાર્ય પ્રત્યેની એમની ધગશ તે સાતત્યને આભારી છે. તેમના પિતા લાલભાઈ દેવરાજ મહેતા બહુ મોટા વેપારી હતા. બર્મામાં તેમનો વેપાર હતો. અનેક વહાણોના પોતે માલિક હતા. તેમાં એક વહાણનું નામ **'હરકિશન'** પણ રાખ્યું હતું.

તેમનું બચપણ અને પ્રાથમિક-માધ્યમિક અભ્યાસ મહુવામાં થયો હતો. બાળપણના અભ્યાસ તથા **સ્ખલ્પટ્ટી**ના દિવસોને તેમણે પોતાના એક સ્મરણ લેખમાં યાદ કર્યા છે. જેમાં નદીએ નહાવા જવાની મોજ, પાછા ફરતા મહુવાની સંઘેડિયા બજારમાં કામ કરતા કારીગરોને જોવા માટે ઊભા રહેતા તે, 'ખૂનીખાંચો' જેવું રહસ્યમય નામ ધરાવતા ખાંચામાંથી પસાર થતા એ તથા કન્યાશાળામાં સાંભળેલા આખ્યાન અને વાર્તાઓ... આ બધાનો સમાવેશ થાય છે.

સૌરાષ્ટ્રના એક-બે અખબારોમાં રિપોર્ટર બની મહુવામાં બનતી ઘટનાઓના અહેવાલ મોકલવાનું તેમણે શરૂ કરેલું. આ કામના બદલામાં કોઈ મહેનતાણું કે ખર્ચના પૈસાય મળતા નહિ પણ છાપામાં નામ છપાય તેનો આનંદ ! આમ પત્રકારત્વ સાથે સંબંધ તો વિદ્યાર્થી અવસ્થાથી જ થયો, પરંતુ તેમાં કારકીર્દી બનાવવાની નેમ ન હતી. મેટ્રિક સુધીનો અભ્યાસ મહુવામાં કરી સને ૧૯૪૫માં તેઓ મુંબઈ ગયા. અને સને ૧૯૫૨માં તેઓ 'ચિત્રલેખા' નામના સામાયિકમાં જોડાયા. અને તેમની પહેલી નવલકથા 'જગ્ગા ડાકુના વેરનાં વળામણાં' જે ચિત્રલેખામાં ધારાવાહિક રૂપે પ્રગટ થઈ. આ નવલકથાએ ઈતિહાસ સર્જ્યો હતો. ચિત્રલેખાના ગ્રાહકો-વાંચકોની સંખ્યામાં વધારો થયો. અને હરકિશન મહેતાને બીજી નવલકથા લખવા માટે પ્રોત્સાહન મળ્યું. એ પછી એ રસપૂર્વક નવલકથાઓ લખતા થયા ને લોકપ્રિયતાના વધુને વધુ ઊંચા શિખરો સર કરતા ગયા. સને ૧૯૯૦માં તેમના **૨૮ પુસ્તકો**ના ૫૦૦૦ સેટ પ્રકાશિત થયા હતા. જે સન્માન ભાગ્યે જ કોઈ ગુજરાતી લેખકને મળ્યું હશે. લગભગ ૨૦ વર્ષ પહેલા રાજકોટની લેંગ લાઈબ્રેરીએ વાચકોના પ્રિય લેખકોની એક **મોજણી** કરી હતી, તેમાં નવી પેઢીના સહુથી વધુ લોકપ્રિય લેખક તરીકે 'હરકિશન મહેતા'નું **સ્થાન** હતું. ગુજરાત રાજ્યે ગુજરાતી ચલચિત્રના શ્રેષ્ઠ લેખન માટે એમને ત્રણ વર્ષ એવોર્ડઝ આપી, એમની લેખન શૈલીને પુરસ્કૃત કરી છે.

## જાદુકળાના કસબી પ્રો. શ્રી નથુ મંછા

પ્રો. નથુ મંછાચંદ મહુવાના વતની હતા. સ્વામી વિવેકાનંદજીના સમયમાં ઈ.સ. ૧૮૯૩ની શિકાગો **વિશ્વધર્મ પરિષદ**ના જૈન ધર્મના પ્રતિનિધિ અને મહુવાના વતની શ્રી વીરચંદ રાઘવજી ગાંધીની સાથે તેમના રસોઈયા તરીકે પ્રો. નથુ મંછાચંદ **અમેરિકા** ગયા હતા. અને ત્યાં પણ લોકોને આનંદ પમાડે એવા જાદુ-કળાના પ્રયોગો કર્યા હતા. તેઓ જાહેરમાં કહેતા કે, આ કંઈ મંત્ર કે જાદુ નથી, પરંતુ ચાલાકી અને કરામતનો ખેલ છે. એમ કહી કેટલાક ખેલો પોતે ખુલ્લા કરી લોકોને દેખાડતા હતા.

## શ્રી મનુબહેન ગાંધી



મહાત્મા ગાંધીજીના **અંતેવાસી** અને તેમના **પરિવારજન** શ્રી મનુબહેન જયસુખલાલ ગાંધી (ગાંધીજીના પિતરાઈ ભાઈના પુત્ર જયસુખલાલના પુત્રી)એ જિંદગીની ઉત્તરવયમાં મહુવામાં નિવાસ કર્યો હતો.


લોક કલ્યાણ અને લોકશિક્ષણની પ્રવૃત્તિઓ ઉપરાંત તેમણે લેખનકાર્ય પણ વિપુલ માત્રામાં કર્યું હતું. જે મહાત્મા ગાંધીજીના વ્યક્તિત્વને સમજવામાં તથા ગાંધીવાદનો પરિચય કરવામાં મદદગાર થઈ શકે તેમ છે.

અગિયાર વર્ષની નાની વયે મહાત્મા ગાંધીજીની સીધી દેખરેખ નીચે રહેવાની તક મળતાં ગાંધીવાદ તથા ગાંધીજીના વ્યક્તિત્વને સારી રીતે સમજાવી શકવાની સજ્જતા તે ધરાવતા હતા.

મહાત્મા ગાંધીજી જેવી પ્રતિભાશાળી વ્યક્તિના હાથે તેમનું **ઘડતર** થયું હતું. મનુબહેનમાં સાદાઈ, કરકસર, નિયમિતતા, પ્રામાણિકતા, દેશપ્રેમ અને સમાજોદ્ધારની ભાવના વધુ સ્વાભાવિક રીતે વિકાસ પામ્યા હતા. બાપુના અવસાનના થોડા સમય બાદ મનુબહેન મહુવામાં નિવાસ કરીને રહ્યા હતા. જીવનકાળ દરમ્યાન તે સમાજના નીચલા વર્ગના અને ખાસ તો ગરીબ કે આર્થિક રીતે દુર્બળ પરિવારની મહિલાઓના ઉત્કર્ષ માટે **પ્રયાસો** કરતા રહ્યા હતા. જાહેર જીવનમાં કદી કોઈ પદ કે સમાજ તરફથી કોઈ જ લાભની અપેક્ષા વિના તેઓ મહાત્મા ગાંધીજીના સાચા **માનસપુત્રી** પુરવાર થયા છે.

મનુબહેને આઝાદી બાદ ફાટી નીકળેલ કોમી હિંસા દરમ્યાન ગાંધીજીએ અનુભવેલી વેદના તથા તેમના મનોસંઘર્ષનું **આલેખન** કરતા ઘણા બધા પુસ્તકો લખ્યા છે.

## શ્રી કાળીદાસ ગોપાળજી મહેતા



કાળીદાસ મહેતાનો જન્મ તા. ૫-૧૦-૧૮૮૨ના રોજ થયો હતો. એમનું બાળપણ પણ મહુવામાં જ વીત્યું હતું.

ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીએ કાળીદાસ મહેતાને **અગ્રગણ્ય નાગરિક** તરીકે ઓળખાવ્યા હતા. ભાવનગર રાજ્યના એક પ્રધાન તરીકે ગામ સુધારણા, કેળવણી, ખેતી, નગરપાલિકા આદિ ખાતા એમણે સંભાળ્યા હતા.

એમના જીવન પર ડો. શ્રીમતી એની બેસંટ અને જે.કૃષ્ણમૂર્તિનો સૌથી પ્રભાવ જણાય છે. થિયોસોફિસ્ટ તરીકે એની પ્રવૃત્તિમાં એમણે અગ્રગણ્ય ભાગ ભજવ્યો હતો. થિયોસોફિસ્ટ સોસાયટીના સંમેલનોમાં તેર વખત પ્રમુખસ્થાને રહ્યા અને આધ્યાત્મિક જીવન અને બ્રહ્મજ્ઞાનના પ્રચાર અર્થે લંડનમાં બીજી સર્વધર્મ પરિષદ સહિત સંખ્યાબંધ સ્થળોએ પ્રવચનો આપ્યા હતા. ૨૭થી વધુ પુસ્તિકાઓના આ લેખકે ૫૧ અભ્યાસ વર્ગો અને છ સામયિકો તદ્દન નિરપેક્ષભાવે ચલાવ્યા. આ રીતે એમનું જીવન **બ્રહ્મજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં** વીત્યું. 'કર્મનો નિયમ' એ એમનું બહુ વિખ્યાત પુસ્તક છે.

## કવિ શ્રી દુલા કાગ



તેરમી સદીમાં થઈ ગયેલ પ્રતાપી કવિ બીજલના વંશમાં થયેલા ઝાલા કાગ ભારે ગરીબીમાં સપડાયેલા; મજાદરના 'જહા અરડુ' નામના ચારણે તેને પોતાની પુત્રી પરણાવી ૪૦ વીઘા જમીન આપી. આમ, મજાદર એમનું વતન થયું. ઝાલા કાગના પુત્ર ભાયા કાગ ભારે પરાક્રમી ને પ્રભાવી. એની વાત કોઈ ટાળી ન શકે. ભાયા કાગના પત્ની એટલા ઉદાર હતા કે લોકોના આતિથ્યમાં તેમણે પોતાના અસ્થિ ગાળી નાખેલાં. આ દંપતીના પુત્ર એ **'દુલા કાગ.'** તેઓનો જન્મ સં. ૧૯૫૮ના કારતક વદ - ૧૧ને શનિવારે થયો હતો.

ભાયા કાગનો સાત ખોટનો દીકરો સ્વભાવમાં પિતાથી સાવ જુદો. તેને ગાય ચરાવવામાં, છંદ-દોહા-ચોપાઈ કંઠસ્થ કરવામાં, કવિતા રચવામાં ને રામાયણ કે મહાભારતની કથા સાંભળવામાં રસ. પુત્રને આવો 'સાધુડો' થતો અટકાવવા માટે ભાયા કાગે બનતા પ્રયત્નો કર્યા પણ નિષ્ફળ! પુત્રને યોગ્ય કેળવણી આપવા માટે મહારાજ મુક્તાનંદને સોંપવામાં આવ્યો પણ પિતાને પછી ખબર પડી કે, આ તો બકરું કાઢતાં ઊંટ પેઠું.

મુક્તાનંદ મહારાજે દુલાને વિચારસાગર, પંચશતી અને ભગવદ્ ગીતા મુખપાઠ કરાવ્યા. સાહિત્યના આગળ અભ્યાસ માટે દુલાને ભુજ

જવાની ઈચ્છા હતી પણ મહારાજે તેને રોક્યો ને **'સવૈયા'** લખી લાવવા આજ્ઞા કરી.

કાવ્ય-રચનાનો આ પહેલો અનુભવ. તે દિવસે દુલા કાગનો કવિ તરીકે જન્મ થયો. હા, આ અગાઉ તેમણે શાળામાં પાંચ ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. પાઠશાળામાં વધુ અભ્યાસ ન કરનારા દુલા કાગે જીવનની શાળામાં પૂરતો અભ્યાસ કર્યો અને પોતાની પ્રતિભાને એક **અનોખો આકાર** આપ્યો.

દુલા કાગને ઝવેરચંદ મેઘાણી સાથે **મેળાપ** થયો. દુલા કાગના વેશ, વર્તન અને જીભની શક્તિ જોઈ મેઘાણી પારખી ગયા કે આ રાજદરબારી કવિ નથી પણ અજાચી ચારણ છે, નિજાનંદ માટે કાવ્યો રચે છે. ચારણ કદી કસુંબો લીધા વગર રહી ન શકે, દુલા કાગે લાખ પ્રયાસ છતાં કસુંબાને હાથ લગાવ્યો ન હતો. તેના કવિત્વ અને ટેકથી મેઘાણી **પ્રભાવિત** થઈ ગયા હતા. બંને વચ્ચે પછી તો નિકટનો મૈત્રી સંબંધ બંધાયો, જેનો લાભ ગુજરાતી સાહિત્યને મળ્યો છે.

દુલા કાગની કવિતા માટે **ઝવેરચંદ મેઘાણી**એ લખ્યું છે, "એ ગીતો નથી, પણ ગીતોની ગૂંથેલી **આખ્યાયિકાઓ** છે. ભારતવર્ષના રાષ્ટ્રભાવોને, માતૃભૂમિની મનોવેદનાને, દુલાભાઈએ નાના **કાવ્યાખ્યાન**માં ઉતારેલ છે. રાષ્ટ્ર-જાગૃતિનો જે ગંગાપ્રવાહ દેશમાં વહે છે, એની અંદરની નાની-મોટી નહેર વાળીને લોકનાયકો પોતપોતાના જનસમૂહોમાં લઈ જાય છે. દુલાભાઈએ **રાષ્ટ્રગંગા**ના એ **પુનિત નીર**ને કાવ્ય નહેરે પોતાના વતનમાં વાળી લીધાં છે."

એકવાર ફૂટેલી કવિતાની સરવાણી એક **સરિતા** બનીને વહેવા લાગી. દુલા કાગ એટલા લોકપ્રિય થયા કે લોકસમૂહમાં તે **'કાગ બાપુ'**ના આદરવંતા નામથી ઓળખાતા થયા. તેમની કવિતાઓથી હજારો લોકો પ્રભાવિત થયા. તેઓ ચારણ હોઈ, જીભે સરસ્વતી હતી ! કાવ્યરચના ઉપરાંત લોકગીતો, ભજનો અને આખ્યાનોના કાર્યક્રમ પણ તે આપતા. આમ કવિતાસિદ્ધિ અને પ્રત્યક્ષ લોકસંપર્કના કારણે તેમણે પ્રસિદ્ધિ પાછળ નહિ પણ પ્રસિદ્ધિએ એમની પાછળ દોડવું પડે તે સ્થિતિ થઈ.

દુલા કાગ એટલે 'કંઠ', 'કવિતા' અને 'કહેણી'નો **સુમેળ**!

દુલા કાગની રચનાઓમાં પરમાત્મા અને પ્રકૃતિ તો છે જ ! પણ આમ આદમી, તેની આશા, તેની ઝંખના, તેની નિર્બળતા, સમાજના નીચલા વર્ગના શોષણ અને સમકાલીન રાજકીય પ્રવાહો પણ નિરૂપાયાં છે. ગાંધીજીના આદર્શો, વિચારો તથા કાર્યપદ્ધતિનું લોકભોગ્ય ભાષામાં વર્ણન **કાવ્યત્વ**ની એક વિશેષ ઊંચાઈ પર પહોંચ્યું છે. તેમણે ગાંધીવાદ, વિનોબાજીની ભૂદાન ચળવળ, રવિશંકર મહારાજની સુધારક પ્રવૃત્તિ વગેરેને પણ પોતાના **કાવ્યવિષયો** બનાવ્યા હતા. શ્રીરામચંદ્રજી પ્રભુ અને રામાયણ આધારિત તેમના ભજનોએ લોકહૃદયમાં ભગવાન શ્રીરામની મૂર્તિ પ્રત્યેના આદરમાં વધારો કર્યો છે.

લોકજીવનનો અને લોકોના સુખદુ:ખનો **સાચો ધબકાર** ઝીલનાર કવિ **દુલા કાગ** આજે પણ પોતાની રચનાઓથી લોકોમાં જીવી રહ્યા છે.

## શ્રી હરિલાલ ગૌદાની



વ્યક્તિનો વ્યવસાય અને રુચિ એકબીજાથી સાવ ભિન્ન ક્ષેત્રના હોય તેવા દાખલા તો ઘણા જોવા મળશે, પણ **ડૉ. હરિલાલ ગૌદાની** એક એવું વ્યક્તિત્વ જેમના વ્યવસાય અને રુચિ જુદાં જુદાં હોવા છતાં બંનેમાં તેમણે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. કોઈને જાણીને  નવાઈ લાગે કે બીમારની સારવાર કરનાર ડોકટર શિલ્પ-સ્થાપત્ય અને લોકકથામાં રસ ધરાવતો હોય.

મહુવાની બાજુમાં **કુંડાસ** ગામમાં ડૉ. હરિલાલ આર. ગૌદાનીનો જન્મ ઈ.સ. ૧૯૧૪માં થયો હતો. પ્રાથમિક શિક્ષણ કુંડાસમાં લીધું ને માધ્યમિક શિક્ષણ મહુવામાં લીધું. ત્યારબાદ કોલેજ અલગ-અલગ જગ્યાએ કરી. ૧૯૩૭માં સરસપુર વિસ્તારમાં દવાખાનું શરૂ કર્યું. ૧૯૫૭થી ડૉ. ગૌદાની નર્સિંગ હોમની સ્થાપના કરી, એક માનવતાવાદી અને પ્રેમાળ તબીબ તરીકે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી.

નાનપણમાં ઈરાન, બલુચિસ્તાન, બહેરીન, એડન, જંગબાર, મોરેશિયસ, બ્રહ્મદેશ, સિંગાપુર તેમજ ભારત વર્ષના સમુદ્ર કિનારાના મોટા ભાગના બંદરોનો પ્રવાસ એમણે ખેડ્યો હતો. આ પ્રવાસ દરમ્યાન તેમણે જે જોયું અને અનુભવ્યું તેની છાપ તેમના માનસમાં અંકિત થઈ હતી. પછી તો મહુવા અને આસપાસના અનેક ગામડાઓમાં ફરી લોકવાર્તાઓ અને સત્યકથાઓ તથા લગ્નગીતો મેળવવા લાગ્યા. વાર્તાઓ એકઠી તો થઈ પણ સારી રીતે રજૂઆત કરવાની ફાવટ નહિ, છતાં પ્રયાસ કરી ૧૯૩૮માં 'સંદેશ'માં પહેલી વાર્તા મોકલી. એ પછી તો 'સંદેશ' અને 'સવિતા'માં અનેક વાર્તાઓ છપાઈ. તેમણે 'લેજો લ્હાવો લોક' અને 'હૈયે માંડી હાટડી' નામે **લોકકથાના** બે **સંગ્રહો** આપ્યા છે.

પ્રાચીન શિલ્પોમાં પણ તેમને બહુ રસ હતો. ગામેગામ ફરી  જૂનાં મંદિરો કે પ્રાચીન શિલ્પો, તેના વિષેની **માહિતીની નોંધો** તે તૈયાર કરતા. મૂર્તિઓ પાસે લેખ કે લખાણ હોય તો તે નોંધ કરે, તેના ફોટા પાડે, તેને લગતી કથાઓ-વાતો-ગીતો શોધવાના ય પ્રયત્નો કરે અને

ઈતિહાસ-પુરાણ કે ધર્મગ્રંથમાં જો તેના કોઈ **ઉલ્લેખ** હોય તો એને પણ ધ્યાનમાં લે. આ બધી કવાયત બાદ જે માહિતી પ્રાપ્ત થાય તેને **લેખો** રૂપે રજૂ કરતા રહ્યા હતા. તેમણે આ સંબંધમાં (૧) ગુજરાતનો ભવ્ય ભૂતકાળ (૨) મહાગુજરાતના શિલ્પ-સ્થાપત્યો (૩) હાથ શૈલીના શિલ્પો અને (૪) નવાગામના શિલ્પો નામે **પુસ્તકો** પણ લખ્યાં.

સંશોધન ક્ષેત્રે તેમનું આગવું પ્રદાન છે. સોલંકીયુગ પહેલાના ૨૨ મંદિરો અને તે પૂર્વેની ૩૨૦૦ જેટલી મૂર્તિઓ તેમણે શોધી છે. ઉપરાંત ૧૫૦ વાવ અને ૨૦ કુંડો શોધ્યા છે. કેટલાંક મંદિરોના જાતે **જીર્ણોદ્ધાર** કર્યા તો કેટલાકની દેખરેખ માટે સ્થાનિક લોકોને **જાગૃત** કર્યા.

તે ઉપરાંત તેઓ ખૂબ સારા ફોટોગ્રાફર હતા. તેમણે બે લાખથી વધુ **તસ્વીરો** લીધી હતી. જેમાં ૮૪ હજાર તો મોટા કદની છે. તેમની તસ્વીરોના ૨૦૦ જેટલા પ્રદર્શનો થયા હતા.

જાહેર પ્રવૃત્તિઓમાં પણ તેઓ એટલા જ **સક્રિય** હતા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સભ્ય તરીકે ત્રણવાર ચૂંટાયેલા, સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળના પ્રમુખ, સૌરાષ્ટ્ર પટેલ લોન ટ્રસ્ટ ફંડ સમિતિના સભ્ય, આરોગ્યના સમિતિના ડેપ્યુટી ચેરમેન, પબ્લિક વર્કસ કમિટીના સભ્ય - આમ જાહેર જીવનમાં તેમણે અનેક **જવાબદારીઓ** અદા કરી હતી.

## શ્રી છબીલદાસ મહેતા (ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય)



માન. શ્રી છબીલદાસ મહેતાનો જન્મ તા. ૪-૧૧-૧૯૨૫માં મહુવામાં થયો હતો. તેઓ સને ૧૯૪૨માં હાઈસ્કૂલનો અભ્યાસ છોડી અને ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયા હતા. છબીલદાસ મહેતા એટલે મહુવાની ધરતીની ધૂળ, મહુવાની માલણ નદીનું ખમીરવંતુ પાણી. છબીલદાસ મહેતામાં સમાજવાદી વિચારોની પરિછાયામાં જીવન ઘડતર થયું છે. **'પુરુષાર્થની પ્રતિમા'** અદના કાર્યકરથી રાજ્યના મુખ્ય પ્રધાનપદે આ તેમના પુરુષાર્થનો **જીવનગ્રાફ** છે. આદર્શો અને સિદ્ધાંતો માટે સત્તા સ્થાને કે સત્તા બહાર, વિરોધપક્ષે જ્યાં હોય ત્યાં લડતા રહેવું તે તેમનો **ઓટોગ્રાફ** છે.

સમાજ સાથે આજીવન સંકળાયેલા અને તેના વિકાસમાં **મહત્ત્વની ભૂમિકા** ભજવનાર શ્રી છબીલદાસ મહેતા એ મહુવાનું **'ઘરેણું'** ગણાય છે.

## શ્રી કાંતિ ભટ્ટ



પોતાના બે જન્મ થયા હોવાની કબૂલાત **કાંતિ ભટ્ટ** કરે છે. પોતાના પરિચયમાં તેઓ જણાવે છે કે, પૃથ્વી ઉપર જન્મ મામાના ઘેર ત્રાપજ (જી. ભાવનગર) ગામમાં થયો હતો. પરંતુ સાચા માણસ તરીકેનો જન્મ **'મહુવા'**માં થયો. પોતાના ઉછેરમાં મહુવાનો જે હિસ્સો છે તેને નમ્રતાથી સ્વીકારતા કાંતિ ભટ્ટે પોતાની કલમથી મહુવાને **ગૌરવ** અપાવ્યું છે.

તેમનું વતન ઝાંઝમેર પણ બચપણનો સમય મહુવામાં વીત્યો. કાંતિ ભટ્ટના પિતા શિક્ષક હતા. તેમને પત્રકારત્વની ગળથૂંથી મહુવામાંથી મળી. નાનકડા આ નગરની **વિશેષતા** એ રહી છે કે, અહીં વિવિધ પ્રકારની યોગ્યતા ધરાવતા લોકોનું અનોખી રીતે ઘડતર થયું છે. મહુવાની સભ્યતા અને રહેણી-કરણી એ પ્રકારની છે કે કોઈપણના વ્યક્તિત્વમાં એક નવો આયામ ઉમેરાતો રહ્યો છે. કાંતિ ભટ્ટને અનેક વિષયોમાં રસ તથા અનેક વિષયોની જાણકારી એ મહુવામાં થયેલ ઉછેરને આભારી છે. તે પોતે જણાવે છે કે, 'મહુવાએ મને **'ઓલરાઉન્ડર'** બનવાની **તાલીમ** આપી છે.' વાંચન, વાર્તારસ અને બાળપણની રસિકતાએ તેઓના ઘડતરને **નવી દિશા** આપી. ભણતર કરતા તેમને વાંચન વધારે ગમતું. કોઈના માન્યામાં ન આવે પણ નવ જ વર્ષની વયે કાંતિએ લાઈબ્રેરીના તમામ પુસ્તકો વાંચી લીધા હતા.

જાતિ-જાતિના ભેદ ભૂલીને, સાથે રહી એક માણસ તરીકે કઈ રીતે વિકાસ કરી શકાય તેનું **શિક્ષણ** કાંતિ ભટ્ટને મહુવાએ આપ્યું. મહુવાથી મેટ્રિક પાસ થઈ, વડોદરામાં આગળ અભ્યાસ કરી બી.કોમની ડીગ્રી પ્રાપ્ત કરી. એ પછી મુંબઈ ગયા. મુંબઈના પ્રસિદ્ધ સામયિક **'ચિત્રલેખા'**માં જોડાઈ સાથી હરકિશન મહેતા સાથે ચિત્રલેખાના વિકાસમાં ખૂબ **સહયોગ** આપ્યો.

કાંતિ ભટ્ટે ૩૬ વર્ષના પત્રકારત્વમાં **પાંત્રીસ પુસ્તકો** લખ્યા છે. આ પુસ્તકોમાં તેમના અનુભવ, વાંચન અને ચિંતનનો ત્રિવેણી સંગમ થયો છે. તેમના નોંધપાત્ર પુસ્તકોમાં 'પ્રેરણાદર્શન, પ્રેરણાશક્તિ, પ્રેરણાની સંગાથે, પ્રેરણાની પળોમાં, પ્રેરણાશિલા, ચેતનાના દ્વારેથી, ચેતનાની પળે, ચેતનાની ક્ષણે, ચેતનાની ક્ષિતિજે, ચેતનાદર્શન, પ્રેરણાના પગથારે, માનવ સિદ્ધિના સોપાન, એકાંતની અટારીએથી, એકાંતની આરપાર, ચેતનાનો ઉજાસ, માનવ અને માણસ' વગેરે છે.

# પૂ. પુરાણી સ.ગુ. અ.નિ. સ્વામી શ્રી જગતપ્રકાશદાસજી (ડભાણ)




પૂ. પુરાણી સ્વામીનો જન્મ સં. ૨૦૦૪ કારતક સુદ - ૯ (તા. ૬-૧૨-૧૯૪૭, શનિવાર)ના રોજ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના નાનકડા એવા **હીપાવડલી** ગામે પિતા નાનજીભાઈ તથા માતા મણિબાની કૂખે થયો હતો. નામ **મનજી** રાખવામાં આવ્યું. ગામની પ્રાથમિક શાળાનો અભ્યાસ પૂર્ણ થતાં સાવરકુંડલામાં વચનસિદ્ધ સંત સ.ગુ. શ્રી **પરમસુખદાસજી સ્વામી** તથા સ.ગુ. શ્રી જગન્નાથદાસજી સ્વામી રહેતા હતા તેમની દેખરેખ નીચે અભ્યાસ કરીને સર્વે ગુણે નિપુણ થાય આવી ઈચ્છાથી ત્યાં મૂકવામાં આવ્યા. પરંતુ પાંચેક વર્ષના અભ્યાસ બાદ મનજીએ સાધુ થઈ સંસ્કૃત ભણવાની તીવ્ર ઈચ્છા બતાવી. આથી હીપાવડલીથી મણિબાને બોલાવી તેમની સંમતિ મેળવી. અને માતાએ સાધુ થવાની રાજીખુશીથી રજા આપી, તેથી વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે સં. ૨૦૧૩ના ચૈત્ર સુદ - ૧૫ના દિને સારંગપુરવાસી શ્રી કષ્ટભંજનદેવના સાન્નિધ્યમાં **ભાગવતી દીક્ષા** લીધી અને **'જગતપ્રકાશદાસ'** આવું શુભ નામ પાડવામાં આવ્યું.

નામ પ્રમાણે તેજસ્વિતા હોવાથી ગઢડાની સંસ્કૃત પાઠશાળામાં સ.ગુ. શાસ્ત્રી શ્રી મોરલીધરદાસજી સ્વામી પાસે સંસ્કૃત અભ્યાસ કરતા સં. ૨૦૧૯માં પ્રથમ સંસ્કૃત શાસ્ત્રની કથા કરી, સંતો-હરિભક્તોનો રાજીપો પ્રાપ્ત કર્યો. વધુ અભ્યાસાર્થે અમદાવાદ કાળુપુર મંદિરમાં રહ્યાં. પરંતુ ત્રણેક વર્ષનો અભ્યાસ પૂરો થયો ન હતો ત્યાં સ્વામીના ગુરુ સ.ગુ. શ્રી પરમસુખદાસજી સ્વામી અક્ષરવાસી થયા. પછી તો મંદિર અને મંડળની જવાબદારી આવી. એટલે ગામડાઓમાં સત્સંગ પ્રચારાર્થે ફરવા લાગ્યા. સં. ૨૦૨૨માં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ **મહુવા મંદિરના મહંતપદે** નિમણૂક કરી. મહુવાનું મંદિર વર્ષો જૂનું હોઈ, તેની જગ્યાએ **ત્રણ શિખર**નું નવ્ય **ભવ્ય મંદિર** બંધાવ્યું તેમજ સંતોને રહેવાની ધર્મશાળા, સભામંડપ અને હરિભક્તોના ઉતારાનું નિર્માણકાર્ય કરાવ્યું.

મહુવામાં પ્રથમ સ.ગુ. શ્રી મોટા યોગાનંદ સ્વામીએ સુંદર બંગલાઘાટનું ત્રણમાળનું **હરિમંદિર** બંધાવ્યું હતું. તે સ્થાને પૂ. પુરાણી સ્વામીએ ત્રણ શિખરયુક્ત ભવ્યાતિ ભવ્ય સુંદર નકશીકામ યુક્ત મંદિરનું **નિર્માણકાર્ય** કરાવ્યું. આ શિખરબધ્ધ મંદિરના નિર્માણકાર્યની સેવામાં પૂ. પુરાણી સ્વામીની સાથે ગઢપુરના વયોવૃદ્ધ સંત સ.ગુ. પુરાણી શ્રી ભક્તિવલ્લભદાસજી સ્વામી, પૂ. સ્વામી શ્રી માધવપ્રસાદદાસજી સ્વામી તથા પૂ. સ્વામી શ્રી જગદીશપ્રસાદદાસજી વગેરે સંતોએ રહીને નાના-મોટા ગામડાઓ તેમજ અનેક મોટા શહેરોમાં કથાપારાયણ-સમૈયા મહોત્સવો કરીને મોટું **યોગદાન** આપી સેવા કરી હતી. તેમજ અન્ય અનેક ભક્તોની સાથે સાથે નડીયાદના અ.નિ. પ.ભ. ઈશ્વરભાઈ નાથજીભાઈ શુક્લનો આ મંદિરમાં ઘણો જ મોટો ફાળો રહ્યો છે. તેમજ મેઘદૂતવાળા અ.નિ. પ.ભ. શ્રી મોહનભાઈ માવજીભાઈ આંબલિયાએ પણ આ મંદિરના બાંધકામમાં ઘણી જ મોટી સેવા કરી છે. ત્યારબાદ મંદિર પૂર્ણ થતાં **મૂર્તિ પ્રતિષ્ઠા** મહોત્સવમાં માજી મુખ્યમંત્રી શ્રી છબીલદાસ મહેતાના પ્રમુખસ્થાને આ મહોત્સવનું **ભવ્ય આયોજન** કરવામાં આવ્યું હતું. મંદિરના મધ્ય ખંડમાં પ.પૂ. ધ.ધુ. **આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી** દ્વારા પ્રતિષ્ઠિત **શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ**ની બાજુના ખંડમાં સં. ૨૦૩૫ વૈશાખ સુદ - ૧૨ (તા. ૯-૫-૧૯૭૯)ના રોજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ **આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના કરકમળો દ્વારા બાળસ્વરૂપ **શ્રી ઘનશ્યામ મહારાજ**ની પ્રતિષ્ઠા કરવામાં આવી.

આ રીતે પૂ. પુરાણી સ્વામી શ્રી જગતપ્રકાશદાસજી સ્વામીનો મહુવા પ્રદેશના **સત્સંગ વિકાસ**માં અતિ મહત્ત્વનો **ફાળો** રહ્યો છે.



## માનસપ્રેમી પ.પૂ. શ્રી મોરારી બાપુ




મહુવાથી બે કીલોમીટર દૂર **તલગાજરડા** ગામમાં તા. ૨૫-૯-૧૯૪૬ના રોજ પિતા શ્રી પ્રભુદાસ હરિયાણી તથા માતા સાવિત્રીબેનને ઘરે જન્મ લેનાર પૂ. મોરારીબાપુ આજે વિશ્વભરમાં રામકથાઓ દ્વારા **'શ્રીરામ ચરિત માનસ'**ના અજવાળાં પાથરી રહ્યા છે. રામકથાના માધ્યમથી વિવિધ ફરજ અને ભક્તિ પ્રગટ કરતા માલણના કિનારાથી પૂ. મોરારી બાપુએ મહુવા અને માનસને વિશ્વસ્તરમાં મહેંકાવી દીધું છે.

સને ૧૯૬૬માં પૂ. બાપુએ મહુવામાં **શિક્ષક** તરીકે કામ કર્યું ત્યારે મહુવામાં જ તેઓ રહેતા હતા. પ્રાથમિક શિક્ષણ તેઓએ તલગાજરડામાં પૂરું કર્યું. પછી તેઓ મહુવાની જે.પી. સ્કૂલમાં ભણેલા હતા. ત્યારબાદ તેઓ શિક્ષક થયા. પરંતુ કથાના કાર્ય સાથે ભણાવવાના કાર્યને બરાબર ન્યાય ન આપી શકે, તેથી તેઓએ શિક્ષણ છોડીને વિશાળ જગત સાથે નાતો જોડ્યો.

પૂ. બાપુને ગોસ્વામી તુલસીદાસજી કૃત **રામાયણ** આખું કંઠસ્થ છે. દોહા-ચોપાઈઓને ભાવવાહી રીતે તેઓ રજૂ કરી શકે છે. રામાયણની કથા કહે ત્યારે આપણને એવી પ્રતીતિ થાય કે એમની રગેરગમાં રામાયણનું **પારાયણ** છે. દરેક ક્ષેત્રે મદદ કરતા પૂ. બાપુ પોતાની રામકથાની આટલી બધી વ્યસ્તતામાં પણ કૈલાસ ગુરુકુળ મહુવા અને વતન તલગાજરડામાં સાહિત્યની સેવા કરતા **વિવિધ કાર્યક્રમો** જેવા કે, અસ્મિતાપર્વ, સંસ્કૃતસત્ર, સદ્‌ભાવ પર્વ, ધર્મસંવાદ જેવા પર્વો યોજીને કવિ-લેખકો-ગાયકો-સંગીતજ્ઞ-શિલ્પીઓ-ચિત્રકારો-શિક્ષણશાસ્ત્રીઓ અને વર્તમાનપત્રના તંત્રીઓ, સંપાદકો, પત્રકારો વગેરે **વિશ્વ પ્રસિદ્ધ** મહાનુભાવ કલાકારોની **કદર** મહુવા ખાતે કરી મહુવા અને આસપાસના વિસ્તારના લોકોને આવી મહાન હસ્તીઓને નજીકથી જોવાનો લ્હાવો પણ વિના મૂલ્યે પૂરો પાડે છે.

વિશ્વભરમાં મહુવાના નામને **રોશન** કરનાર પૂ. બાપુમાં તસુભાર પણ અહમ્ જોવા મળતો નથી. હંમેશાં લોકકલ્યાણ અને દેશપ્રેમ અને વિશ્વશાંતિમાં માનનારા પૂ. બાપુ વખતોવખત પોતાના પ્રવચનમાં રાજીવ શુક્લનો **શેર** કહેતા હોય છે : **'નિષેધ કોઈનો નહિ, વિદાય કોઈને નહિ; હું શુદ્ધ આવકાર છું, હું સર્વનો સમાસ છું.'** સાચેજ આ શેર તેમના સ્વભાવને વધુ પ્રદર્શિત કરે છે.


## શ્રી માયાભાઈ આહીર (લોકસાહિત્યકાર)



શ્રી માયાભાઈ આહીરનો જન્મ ગોહિલવાડના નાનકડા પણ ગૌરવવંતા **કુંડળી** (બેલડા) ગામમાં કાળિયા ઠાકરની ખુમારીવંતા આહીરકુળમાં તા. ૧૬-૫-૧૯૭૨ના રોજ થયો હતો. પિતાનું નામ વીરાભાઈ અને માતાનું નામ નાથીબાઈ હતું. વીરાભાઈ ભમ્મરના આ સૌથી નાનાપુત્ર માયાભાઈએ વિશાળ કલાદૃષ્ટિથી માત્ર આહીરકુળનું જ નહિ, પરંતુ વિશ્વભરના **ગુજરાતી**ઓનું **ગૌરવ** વધાર્યું છે. પ્રાથમિક અને માધ્યમિક સુધીનો અભ્યાસ અનુક્રમે કુંડળી, બોરડા અને ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં કર્યો હતો. શિક્ષણની સાથે સાથે સ્વની ખીલવણી માટે માયાભાઈ ઘરકામ, ખેતી અને શાળાગત કાર્યોમાં પણ મદદરૂપ થયા હતાં.

શ્રી માયાભાઈને વારસામાં જ દાદા સામતભાઈના **સાહિત્યના ગુણ** મળેલ છે. બાળપણથી જ સાહિત્યની ભૂખ સંતોષવા તક મળ્યે ગામની શેરીઓમાં કે પછી પહાડો ઉપરના પથ્થર પર અને મંદમંદ સ્મિત વહેરતી સરિતાને જોઈને પોતાના અંતઃકરણને રોકી ન શકતા અલંકાર અને દોહા-છંદ તેમજ ચોપાઈની સાથે સાહિત્યની વિવિધ કૃતિઓની રમઝટ બોલાવતા હતા. પૂ. મોરારી બાપુના ખૂબ જ પ્રિય છે એવા માયાભાઈએ જન્મજાત પ્રાપ્ત સાહિત્ય પ્રતિભા ૨૧ વર્ષની યુવાવયથી **મહુવા**ના લોકો સમક્ષ સૌપ્રથમવાર રજૂ કરી, જેણે આજ સુધીમાં વિશ્વભરની ખૂબજ **વિશાળ મજલ** કાપી નાખી છે. સૌરાષ્ટ્ર, ગુજરાત સહિત સમગ્ર ભારત તેમજ અમેરિકા, યુરોપ, આફ્રિકા, દુબઈ, સિસલ્સ, થાઈલેન્ડ વગેરે જેવા અનેક દેશોમાં **૪૫૦૦થી પણ વધુ કાર્યક્રમો** કરીને આપશ્રીએ ગુજરાતની **ભાતીગળ સંસ્કૃતિ**ને દેશ-વિદેશમાં પાથરવાનો **કાબિલે-તારિફ પ્રયાસ** કર્યો છે.

આ ઉપરાંત ૩૦૦થી વધુ **કેસેટો** તેમજ ઈટીવી, ઝીટીવી, ગુજરાતી, દૂરદર્શન, લક્ષ્ય વગેરે ઈલેક્ટ્રોનિક **મીડિયા** દ્વારા પણ આપ અવિરત સંસ્કૃતિની મહેકને પ્રસરાવતા જ રહો છો. તે બદલ આપશ્રી થાઈલેન્ડ ગુજરાતી સમાજ વતી **'ગ્લોબલ ગુજરાતી એવોર્ડ'** તેમજ **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય**ના વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે આયોજીત રત્નાકર સન્માન સમારોહ દ્વારા **'લોકસાહિત્ય રત્નાકર'** એવોર્ડ પણ પ્રાપ્ત કરી ચૂક્યા છો. આ ઘોર કળિયુગી વાતાવરણમાં પશ્ચિમી વાયરાના ઝપેટાથી બચાવીને અનેક લોકોને આપશ્રીએ **લોકસાહિત્ય દ્વારા** ભારતની **મૂળ ધરોહર** તરફ વાળ્યા છે અને વાળતા જ રહેશો.



# મહુવા ઇતિહાસગાથા

ઈતિહાસકારોના અભિપ્રાય પ્રમાણે આ મહુવા શહેર પુરાણકાળમાં પણ **વિખ્યાત** હતું. મૈત્રક વંશના શીલાદિત્ય ત્રીજાના ઈ.સ. ૬૬૯ના દાનશાસનમાં સૌરાષ્ટ્રના મધુમતીનો **નિર્દેશ** થયો છે તે વર્તમાન સમયનું **મહુવા** છે. મધુમતીમાં વિ.સં. ૧૦૮ (ઈ.સ. ૫૨)માં જાવડી નામનો ધનપતિ રહેતો હોવાનું વિવિધ તીર્થકલ્પમાં કહ્યું છે.

મહુવામાં આવેલ ‘સુદાવાવ’ અને તેની આજુબાજુનો વિસ્તાર વાજા રાજવીઓનો હતો. આ સુદાવાવ વાજા રાજા સુદના મંત્રી વામનની પત્ની જાલુદેવીએ બંધાવી હતી. વાજા પછી ગુજરાતના સુલતાનોની અને મોગલ સૂબાઓની મહુવા ઉપર હકૂમત હતી. ત્યારબાદ ઈ.સ. ૧૭૮૪માં ભાવનગર રાજ્યના ઠાકોર વખતસિંહજીએ તેનો કબ્જો લેતા મહુવાનગર ગોહિલોની આણ નીચે આવ્યું. મોગલ સમયમાં મહુવા ગુજરાતનું અગત્યનું **વેપાર મથક** હતું.

મહુવાની ઉત્તર બાજુએ ભાદ્રોડ દરવાજાની બહાર એક જૂની મસ્જિદ આવેલી છે. આ મસ્જિદમાંના અરબી ભાષામાં લખેલ શિલાલેખમાં સુરક્ષન ૮૨૬ દર્શાવેલ છે. આ મસ્જિદ મલિક અસર-ઉલ-મલિક બિન મલિક જૌહરે બંધાવેલી છે. મહુવામાં સં. ૧૫૦૦ (ઈ.સ. ૧૪૪૪)માં બંધાયેલ કેટલાક જૈન દેરાસરો પણ છે. જૈન મંત્રીશ્વરો વસ્તુપાલ તથા તેજપાળ તેમના સંઘ સાથે શેત્રુંજય થઈ મહુવા આવ્યા હતા. મહારાજા કુમાળપાળ પણ અહીં આવ્યા હોવાનું કહેવાય છે. અહીં ભગવાન મહાવીરનું ભવ્ય દેરાસર છે.

મહુવા ઘણા સમય સુધી આગળ પડતું બંદર હતું. અહીંના બંદરેથી પરદેશ સાથેનો વેપાર ખેડાતો હતો. તે વખતે અહીંના વેપારીઓના વ્યાપારિક સંબંધો મસ્કત અને એડન સુધી વિસ્તરેલા હતા. મહુવા હાથીદાંત અને લાકડાના રમકડાંઓ માટે દેશભરમાં જાણીતું હતું. મહુવા શહેર વર્તમાન સમયે ડુંગળીના ૧૦૦ જેટલા મોટા ડીહાઈડ્રેશન (કારખાના) ચાલે છે. નળિયા તથા ટાઈલ્સના કારખાના, ખેતીના ઓજારો, પુલીઓ, લોખંડના માલસામાન બનાવવાના કારખાનાં, લાકડાં વહેરવાની સો-મીલો, મીની સિમેન્ટ પ્લાન્ટ, મોનો ફિલીમીન્ટ પ્લાન્ટ, દોરડા બનાવવાનો ઉદ્યોગ, ઓઈલ એન્જિનના કારખાના, વીવિંગ જીનીંગ તથા પ્રેસિંગ ફેકટરીઓ તેમજ ૪૦ જેટલી ઓઈલ મીલો છે. અહીં ખેતી માટેનું મોટું **માર્કેટ યાર્ડ** પણ છે.

મહુવાની આજુબાજુની **જમીન** ફળદ્રૂપ હોવાથી અહીં નાળિયેરીનું **વાવેતર** મોટા પ્રમાણમાં થાય છે. આ ઉપરાંત કેરી, સોપારી, ચીકું, રામફળ વગેરે ફળો પણ મોટા પ્રમાણમાં થાય છે. વલસાડી હાફૂસ જેવી અહીંની જમાદાર કેરી સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાત તેમજ ભારત ભરમાં પ્રખ્યાત છે. ડુંગળી અહીંથી પરદેશમાં નિકાસ થાય છે. અહીં ભાવનગર રાજ્યે સ્થાપેલ નાળિયેર પ્લાન્ટેશનના વૃક્ષો તથા આસપાસની ઘટાદાર ઝાડી **અનેરું આકર્ષણ** ઊભું કરે છે. ગુજરાત સરકારના વન વિભાગે વૃક્ષોની એક **અલાયદી વાડી** ઊભી કરી છે. મહુવા સૌરાષ્ટ્રના **‘કાશ્મીર’** તરીકે ઓળખાય છે.

## મહુવા ભાવનગર રાજ્યના કબજામાં...

મહુવા મૂળ મુગલ થાણું હતું અને ખરેડિયા સિપાઈઓએ તે પચાવી પાડ્યું હતું. તેઓ વ્યવસ્થા સાચવી શક્યા નહિ અને તેથી તેમની પાસેથી મીસરી ખસિયાએ મહુવા પચાવી પાડ્યું હતું. મીસરી ખસિયાએ તેના ભત્રીજા હમીરને વાઘનગર આપ્યું હતું. હમીરે ઝાંઝમેર અને કોટડાની ઠકરાતો વાળાઓ પાસેથી જીતી લીધી હતી. આ વિજયથી તેની હિંમત વધી અને તેણે તળાજા તાલુકાના

ભાવનગરના ગામડાઓમાં લૂંટફાટ શરૂ કરી. તળાજાના વખતસિંહના પ્રતિનિધિ ખીમાજી વાલા હમીરનો સામનો કરી શક્યા ન હતા. તેથી વખતસિંહ પાસે આ બાબતની ફરિયાદ જતા, તેમણે ઝાંઝમેર ઉપર હુમલો કરી તે જીતી લીધું અને હમીરનો પીછો કર્યો. સામનો કરવા અશક્ત હમીરે ગોપનાથની જગ્યાનું શરણું લીધું અને મહંત વચ્ચે પડતા હમીરે ભાવનગરના ગામડા પાછા આપ્યા અને ભાવનગરના પ્રદેશની સતામણી ન કરવા કબૂલાત આપી. ત્યારબાદ કેટલાક ખુમાણ અને ખાચર કાઠીઓએ ભાવનગરની સત્તા સ્વીકારી. આમ સૌરાષ્ટ્રના અગ્નિખૂણાનો વિસ્તાર ઠાકોર વખતસિંહજીની અસરકારક હકૂમત નીચે આવ્યો. ઈ.સ. ૧૭૮૪માં હમીર ખસિયા અને દાઠાના ગોપાળજી સરવૈયાના કહેવાથી વખતસિંહજીએ મહુવાના જસા ખસિયાના પ્રદેશ ઉપર ચડાઈ કરી. તાજેતરમાં ભાવનગરના વહાણને કબ્જે કર્યું હતું, તેથી ચડાઈ કરવાની તક મળી ગઈ. તેણે ૧૫૦૦૦ માણસો સાથે મહુવા ઉપર ચડાઈ કરી.

તળાજાથી મહુવા વચ્ચેના બાવળના જંગલને વીંધીને તેણે મહુવાને ઘેરો ઘાલ્યો. આ લડાઈ સાત દિવસ ચાલી. પરંતુ અંતે વખતસિંહના તોપમારાને કારણે મહુવાના કિલ્લામાં ગાબડું પડ્યું અને તેથી જસો ખસિયો રાજુલા નાસી ગયો અને મહુવામાંથી તેનું પતન થયું. આમ, ઈ.સ. ૧૭૮૪માં મહુવા ભાવનગરના રાજ્યના ખાલસા વિસ્તારમાં ભળી ગયું. જૂનાગઢનું એક થાણું મહુવામાં હતું તે પણ વખતસિંહે ઊડાડી મૂક્યું હતું.

જસા ખસિયાએ મહુવામાંથી નાસીને રાજુલામાં આશ્રય લીધો હતો. એ સમયમાં રાજુલામાં ભોળો ધાંખડો રાજ્ય કરતો હતો. જસો ખસિયો ભોળા ધાંખડાને મહુવા પાછુ લેવા માટે મદદ કરવા સમજાવી શક્યો હતો. આથી વખતસિંહજીએ રાજુલા ઉપર ચડાઈ કરી. અને તે પણ જીતી લઈને વ્યવસ્થા સાચવવા લશ્કરની ટુકડી ત્યાં મૂકી. તેમણે ત્યારબાદ જસાનો પીછો કર્યો. તે ડેડાણમાં આવ્યો, પણ ત્યાંના રાજકર્તા દંતા કોટિલાએ તેને આશ્રય આપ્યો નહિ. અને વખતસિંહજીને નજરાણું ધરીને તેણે વખતસિંહ સાથે સુલેહ કરી. ત્યારબાદ વખતસિંહ તેની રાજધાની સિહોરમાં પાછા ફર્યા. ચિત્તલની કાઠીઓ સાથેની લડાઈ વખતે હમીર ખસિયાએ કાઠીઓની મદદે પોતાના માણસો મોકલ્યા હતા. અને તે તેના કાકા જસાને ભાવનગરમાં ગામો ભાંગવામાં મદદ કરતો હતો. તેથી ભાણવડના આહીરો અને રાજુલાના બહેલીમોએ મહુવાના જમીનદારને હમીર સામેની લડાઈમાં મદદ કરી.

વખતસિંહજીએ હમીરનું વાઘનગર ગામ જીતી લીધું હતું, આથી હમીર અને જસાએ ગીરમાં આશ્રય લીધો અને તેમણે ભાવનગર સામે બહારવટું ખેડ્યું. બહારવટા દરમ્યાન જસો સને ૧૭૯૩માં મરણ પામ્યો. અને હમીર તથા તેનો ભત્રીજો ખીમો વખતસિંહજીના શરણે આવ્યા. આથી વખતસિંહજીએ હમીરને સેંદરડા તાબાના દસ ગામો અને ખીમાને મોણપુર તાબાના બાર ગામોનો ગરાસ આપ્યો. બાકીનો તેમનો મુલક ઈ.સ. ૧૭૯૩માં વખતસિંહજીએ ખાલસા કરીને પોતાના રાજ્યમાં ભેળવી દીધો. આમ, ઝાંઝમેર થી મહુવા અને મહુવાથી રાજુલા સુધીનો મુલક વખતસિંહજીએ તેમના કબ્જે કરી લીધો હતો.

## જ્ઞાતિ તથા ધાર્મિક વ્યવસ્થા

સોની જ્ઞાતિ મુખ્યત્વે સોના-ચાંદીનો ધંધો કરે છે. તેની પેટા જ્ઞાતિઓમાં પાટડિયા, ઝીંઝુવાડિયા, પરજિયા, ઘેડિયા, મોજપરા, આદેશરા, ધોળકિયા વગેરેનો સમાવેશ થાય છે અને તેમાં વધુ પડતા લોકો શ્રી **સ્વામિનારાયણ સંપ્રદાય**ને અનુસરે છે.

સુથારની ત્રણ પેટા જ્ઞાતિઓ ગુર્જર, મારવાડી (મેવાડા) અને સોરઠિયા છે. તે પૈકી મહુવા તાલુકામાં ગુર્જર સુથાર મહદ્અંશે જોવા મળે છે. સુથારી કામનો વ્યવસાય કરતા કુટુંબો મહુવા તાલુકામાં સર્વત્ર જોવા મળે છે. અને તેઓ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના **અનુયાયીઓ** છે.

કડિયા કે સલાટ મુખ્યત્વે બાંધકામ કે પથ્થરકામના વ્યવસાયમાં જોડાયેલા છે. સલાટ નામ શલ્યા (પથ્થર) પરથી પડ્યું હોય તેમ મનાય છે. તેમની પેટા જ્ઞાતિઓમાં સોમપુરા અને તલબડાનો સમાવેશ થાય છે. તેમના સામાજિક જ્ઞાતિરિવાજોમાં કોઈ વિશિષ્ટતા નથી. સોમપુરા સલાટ બ્રાહ્મણોની જેમ જનોઈ ધારણ કરે છે. તેઓ પણ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય કે શૈવ ધર્મને અનુસરે છે.

લુહાર જ્ઞાતિ એમના નામ પ્રમાણે મુખ્યત્વે લોખંડને લગતું લુહારી કામ કરે છે. તેમના મૂળ ધંધા સિવાય હાલમાં તેઓ અન્ય નોકરી-ધંધા પણ કરે છે. આ જ્ઞાતિ પણ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં વિશેષ શ્રદ્ધા ધરાવે છે તેમજ તેઓ કુળદેવી તરીકે શ્રી ભવાની માતાને માને છે.

પાટીદાર કણબી મુખ્યત્વે બે પેટા જ્ઞાતિઓમાં વહેંચાયેલા છે. કડવા અને લેઉવા. તેઓ મોટાભાગે ખેતીકામ, ડાયમંડ અને ડીહાઈડ્રેશનના વ્યવસાયમાં જોડાયેલા છે. મોટા ભાગના પાટીદારો શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ છે.

કુંભાર જ્ઞાતિ એમના માટીકામના વ્યવસાય ઉપરાંત અન્ય નોકરી-ધંધાઓમાં પણ જોડાયેલા છે. મુખ્યત્વે આ જ્ઞાતિના લોકો શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને અનુસરે છે.

મોચી જ્ઞાતિમાં સોલંકી, પરમાર, ગોહેલ, ચૌહાણ, મકવાણા, વાળા વગેરે પેટા જ્ઞાતિઓ છે. તેઓ પોતાને રજપુતના વંશજો માને છે. આ જ્ઞાતિ પણ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય વિશેષ કરીને પાળે છે.

મહુવાના **ધાર્મિક સ્થાનો**માં ગઢડા શ્રી ગોપીનાથજી મહારાજના તાબાનું શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, વૈષ્ણવોની હવેલી, શ્રી ભવાની મંદિર, શ્રી ખીમનાથ મહાદેવની જગ્યા, શ્રી રાધેશ્યામ મંદિર, શ્રી મહાલક્ષ્મી મંદિર, શ્રી ચક્રેશ્વરી માતા મંદિર, શ્રી વાઘેશ્વરી માતા મંદિર, શ્રી ભૂતનાથ મહાદેવ તેમજ શ્રી વાછરડા પીરનું પુરાતન મંદિર છે.

## આરોગ્યક્ષેત્રે મહુવાની સેવાકીય સુવિધા

મહુવા શહેર અને તાલુકાના લોકોને ઉત્તમ તબીબી સુવિધાઓ મળી રહી છે. મહુવા શહેરમાં વિવિધ રોગના નિષ્ણાત તબીબોની ખાનગી હોસ્પિટલો તેમજ તબીબી તપાસ માટે એક્સ-રે, સોનોગ્રાફી, લેબોરેટરીની અલગ-અલગ

સ્થળે ખાનગી સુવિધાઓ પ્રાપ્ત છે.

મહુવા નગરપાલિકા સંચાલિત જનરલ હોસ્પિટલ સરકારને સોંપવામાં આવી છે. સરકાર દ્વારા આ હોસ્પિટલને ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવાનું વચન મહુવાની જનતાને અપાયેલ છે. તે મુજબ આ હોસ્પિટલમાં ધીમે ધીમે વિવિધ તબીબી સવલતો વધી રહી છે. લોકોને હોસ્પિટલમાં તમામ પ્રકારની સારવાર વિના મૂલ્યે પ્રાપ્ત થઈ રહી છે.

મહુવા પાસે વડલી અને કળસાર મુકામે સદ્‌ભાવના ટ્રસ્ટ સંચાલિત બંને હોસ્પિટલમાં તદ્દન રાહતદરે પથરીની તબીબી સારવાર ઉપરાંત વિવિધ પ્રકારના ઓપરેશનની સેવા મહુવા શહેર તાલુકા ઉપરાંત આસપાસના તાલુકાના લોકો લઈ રહ્યા છે.

મહુવામાં કુબેરબાગ પાસે જનસેવા ટ્રસ્ટ ક્લીનીક ખાતે હૃદયરોગ, સાંધાના રોગ, કીડની, ફેફસાના રોગોના નિષ્ણાત, હરસ-મસા, ભગંદરના સ્પેશ્યાલીસ્ટ, ડાયાબીટીસ, બ્લડપ્રેશરના નિષ્ણાત ડોકટર વગેરે વિવિધ રોગના સુપર સ્પેશ્યાલીસ્ટ તજજ્ઞ તબીબો અઠવાડિયા, પંદર દિવસ કે મહિને તદ્દન રાહતદરે દર્દીઓની તપાસ કરી સારવાર માટે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડે છે. તેમજ રેન બક્સી, એસ.આર.એલ લેબોરેટરીમાં અનેકવિધ સ્પેશ્યલ રીપોર્ટની સુવિધા પણ આમ જનતાને મળે છે.

મહુવાની અન્ય સેવાભાવી હોસ્પિટલમાં **હબીબ વાલજી હોસ્પિટલ**નું નામ મોખરે છે. પીડીલાઈટ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી નારાયણ હેલ્થ દ્વારા સંચાલિત **હનુમંત હોસ્પિટલ** 'દર્દી દેવોભવ'ના સૂત્ર સાથે મહુવા શહેર તાલુકા ઉપરાંત આસપાસના તાલુકા વિસ્તારની જનતાને ઓછા દરે આધુનિક સારવાર પૂરી પાડે છે. છેલ્લા ૯ વર્ષમાં લોકોના સાથ-સહકાર અને સ્નેહથી આજ સુધીમાં ૬,૫૦,૦૦૦થી પણ વધુ દર્દીઓએ ઓપીડી સારવાર લીધી છે. ૨૩૦૦૦થી વધુ ઓપરેશનો થયા છે. ૪૨૦૦૦થી વધુ દર્દીઓએ તાત્કાલિક સારવાર વિભાગમાં સારવાર પ્રાપ્ત કરી છે. આ રીતે આરોગ્ય ક્ષેત્રમાં મહુવામાં **અનેક સુવિધાઓ** છે. જેથી મહુવા તથા તાલુકાના આસપાસના ગામડાના લોકો બહુ મોટા પ્રમાણમાં તેનો **લાભ** લઈ રહ્યા છે.

## મહુવાની ખનીજ-સંપત્તિ

મહુવાથી મિયાણાના કાંઠા વિસ્તારમાં ચૂનાના પથ્થરો મળી આવે છે. આ વિસ્તારમાં **કુદરતી તેલ**ની શોધ માટેનું **પ્રાયોગિક કામ** પૂરું થયું છે. મહુવાની ખનીજ સંપત્તિ અંગેની **માહિતી** નીચે પ્રમાણે છે.

| ક્રમ | ખનીજ | રાસાયણિક બંધારણ | ગામ | તાલુકો | રંગ | ઉપયોગ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ઓકસાઇટ | એલ્યુમીનીયમ ઓકસાઇટ (હાઇડ્રસ) | તલગાજરડા<br>લોગંડી | મહુવા<br>મહુવા | લાલ<br>પીળો | રંગ ઉદ્યોગમાં તેલ શુદ્ધ કરવામાં વપરાય છે. |
| ૨. | મગ-માટી | મોન્ટેમોરિલોનાઇટ<br>બેન્ટોનાઇટ | ઓથા<br>– | મહુવા<br>– | –<br>– | દવાઓમાં, ક્ષાર કામમાં રાસાયણિક ઉદ્યોગમાં વપરાય છે. |
| ૩. | ચિરોડી (કેલ્સાઇટ) | –<br>કેલ્શીયમ કાર્બોનેટ | મોદા, સેંદરડા કરલા, કરજાળા તાતણીયા, ઈંટિયા | મહુવા<br>– | વાદળી<br>આસમાની વાદળી | કાગળ, રબ્બર, કાપડ અને જંતુનાશક દવાઓ બનાવવામાં વપરાય છે. |
| ૪. | ઈલ્મેનાઇટસેન્ડ | લોખંડ અને ટીટેનીયમ ઓકસાઇટ | કળસાર, નૈય<br>મહુવા | મહુવા | ભૂખરો<br>કાળો | ડાયોકસાઇટ રંગની પોટરીમાં ચળકાટ માટે... |
| ૫. | ચુનાનો પથ્થર | કેલ્શીયમ કાર્બોનેટ | મહુવા, નૈય | મહુવા | પીળો | સિમેન્ટ, બ્લીચીંગ પાવડર, સાબુ, પેપર, પેઇન્ટ ઉદ્યોગમાં |
| ૬. | પ્લાસ્ટીક માટી | ચિનાઇ માટી | રાણપરડા | મહુવા | આછો લાલ | સીરામીક ઉદ્યોગમાં, લોખંડ અને (પ્લાસ્ટીક કલે) મેલીંગમાં માટીથી બનાવેલ ટાઇલ્સની બનાવટ... |

## ઉદ્યોગક્ષેત્રે મહુવાની પ્રગતિ

મહુવા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં છેલ્લા દસકામાં **પરિવર્તન** આવ્યું છે. અને આ પરિવર્તનની **નોંધ** રાજ્ય સ્તરે લેવાયેલ છે. રાજ્યની પ્રથમ હરોળની બજાર સમિતિઓમાં મહુવા બજાર સમિતિ **મોખરાનું સ્થાન** ધરાવે છે.

મહુવા ડુંગળીના બજાર માટે દેશ-વિદેશમાં પ્રખ્યાત છે. ડુંગળીના માર્કેટ યાર્ડ માટે દેશમાં મોખરાનું તેમજ ગુજરાતમાં પ્રથમ સ્થાન ધરાવે છે. અહીં સીઝનમાં દૈનિક (રોજની) એક લાખથી બે લાખ થેલી સુધીની આવકો થાય છે. અહીં માત્ર મહુવા તાલુકાના જ નહિ, પરંતુ આખા ગુજરાત તેમજ મહારાષ્ટ્રથી પણ ડુંગળી વેચાણ માટે આવે છે. જેના કારણે મહુવામાં ૧૦૦ જેટલા ડીહાઈડ્રેશનના કારખાના હાલમાં કાર્યરત છે. મહુવા અને આસપાસના વિસ્તારોમાં કપાસનું પણ મોટા પાયે ઉત્પાદન થતું હોવાથી ૫૦ જેટલા જીનિંગ ઉદ્યોગો પણ ધમધમી રહ્યા છે. આમ, મહુવા માર્કેટ યાર્ડને કારણે મહુવા ઔદ્યોગિક ક્ષેત્રે **હરણફાળ** ભરી રહ્યું છે.

મહુવામાં નાળિયેરીનું વાવેતર સારા પ્રમાણમાં છે. જેથી નાળિયેરનો ધંધો પણ મોટા પાયે ચાલે છે. તેમજ મહુવાની પ્રખ્યાત જમાદાર કેરી વખણાય છે, જે ખાસ મહુવામાં જ થાય છે. આમ, મહુવામાં ખેતી ઉદ્યોગને લગતા નાના-મોટા ધંધા ચાલે છે.

મહુવામાં લાકડાનો ધંધો પણ મોટા પ્રમાણમાં ચાલે છે. લાકડાના રમકડાં મહુવાના પ્રખ્યાત છે. પ્રાચીન મધુમાવતી અને અર્વાચીન મહુવાના લાકડાંના રમકડાં અને અન્ય હસ્તકલાના **સર્જનો** આજે પણ કલા-શોખીન માનવીને જરૂર આકર્ષી જાય છે.

બિલિમોરા, મનોર, થાણા અને વલસાડના જંગલોમાંથી આવેલા લાકડામાંથી જુદી-જુદી જાતના મોર, પોપટ, મોટર, એન્જિન, ટેલિફોન, ઢીંગલીઓ, ફૂલદાની, પાવડરની ડબ્બીઓ, દૂધાળા લાકડામાંથી બનાવાતા કાજુ-દ્રાક્ષ, અંજીર, અખરોટ, સીતાફળ, જામફળ, કેળાં, ખારેક જેવા આબેહૂબ ફળફળાદિના રમકડાં તેમના રૂપ-રંગ-આકાર-દેખાવ અને કલા-કસબને કારણે હોય છે.

આ અવનવાં બેનમૂન રમકડાંના સર્જનમાં મહુવાના સંઘેડિયા બ્રહ્મક્ષત્રિય **કારીગરો** એટલી બધી ખંત, ચીવટ અને સફાઈ રાખતા હોય છે કે, પ્રથમ નજરે એ રમકડાંની સપાટીઓ ઉપર દોરવામાં આવેલી દેવ-દેવીઓ કે પશુ-પક્ષીઓની આકૃતિઓ જાણે છાપેલી જ હોય એવો આકર્ષક અને નયમરમ્ય દેખાવ ઉત્પન્ન કરે છે. તેઓ સર્વપ્રથમ જે જાતના રમકડાં બનાવવા ઈચ્છતા હોય છે, તેને સંઘેડા (લેથ) ઉપર ચડાવી - યોગ્ય આકાર, કદ અને ઘાટ આપે છે. ત્યારબાદ તેના ઉપર જરૂરી રંગ લગાવવામાં આવે છે. અને ચિત્રકાર મારફતે તેમને મનગમતી અને બજારમાં ગ્રાહકોને પ્રિય એવી જુદી-જુદી જાતની આકૃતિઓ જેવી કે દેવ-દેવીઓ, પશુ-પક્ષીઓ, વેલફૂલ અને નૈસર્ગિક દશ્ય વગેરે ચીતરવામાં આવે છે. અને તાપમાં સૂકવવામાં આવે છે. જે સૂકાઈ ગયા બાદ સંખેડાના કારીગરોની માફક આ સંઘેડિયા કારીગરો પણ તેની ઉપર પાતળી, પારદર્શક, રંગીન, લાખનું આવરણ ચડાવે છે. જેને પરિણામે આ રમકડાં ઉપર ચઢાવેલા રંગ અને ભાત-ભાતના ચિત્રો તાજા મઢી, પોલિશને કારણે ચળકતા મુલાયમ અને આકર્ષક રૂપ-સ્વરૂપ ધારણ કરે છે. મહુવાના રમકડાં માત્ર બાળકોને જ રમવાના આનંદ પૂરતા નથી હોતા, પણ ક્યારેક પોતાના ઘરના **વૈવિધ્યપૂર્ણ** ચીજ-વસ્તુઓથી શણગારેલા દીવાનખાનાની **શોભા** બની રહેતા હોય છે.

મહુવાના રમકડાં ગુજરાત અને સૌરાષ્ટ્રના શહેર-ગામડા, મહારાષ્ટ્ર, રાજસ્થાન, બંગાળ, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને ભારતના અનેક રાજ્યોના બજારમાં સ્થાન મેળવી શક્યાં છે.

## વિકાસની યાત્રા ઉપર મહુવા વિસ્તાર...


મહુવાના જાહેર જીવનમાં જે કેટલાક **સંનિષ્ઠ અગ્રણીઓ** હતા, તેમાં શ્રી જશુભાઈ મહેતા, શ્રી ઈબ્રાહીમભાઈ કલાણિયા, શ્રી છબીલદાસ મહેતા - એ ગુજરાત રાજ્યમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારમાં મંત્રી તેમજ લોકસભા અને રાજ્યસભાના સભ્યપદે મહત્ત્વની જવાબદારીપૂર્વક કામગીરી ભારે સફળતાપૂર્વક અને લોકચાહના સાથે બજાવી હતી.

નાની ઉંમરથી જાહેર જીવનમાં મહુવા-ભાવનગરના વિકાસ માટે તેઓ અવિરત પ્રયત્નશીલ રહ્યા હતા. તેમની કોઠાસૂઝ, પ્રશ્નોના ઉકેલ માટે ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ નહિ અકળાવાની ધીરજ, ધૈર્ય અને આત્મવિશ્વાસ, તેઓના **આગવા ગુણો** હતા. તેઓ જે કામ હાથ ઉપર લેતા તેમાં સતત સક્રિય અને વિચારશીલ રહેતા હતા. કંઈક નવું કરવાની, લોકોની સંવેદનાઓ, લાગણીઓ અને જરૂરિયાતને સતત નજર સમક્ષ રાખી તેઓ કાર્ય કરતા રહ્યા હતા. તે માટે મહુવા-ભાવનગર અને સમગ્ર રાજ્ય તેનું **ઋણી** રહેશે.

મહુવાના આ સમકાલીન અગ્રણીઓ શ્રી જશુભાઈ મહેતા, શ્રી ઈબ્રાહીમભાઈ કલાણિયા, શ્રી છબીલદાસ મહેતા - એ મહુવા નગરપાલિકામાં તેઓના સમયમાં મોડેલ અને અનુકરણીય વહીવટ આપી રાજ્ય ભરમાં મહુવાને નામના અપાવેલ છે. ભાવનગરના રાજકીય અગ્રણીઓ અવાર-નવાર કટાક્ષમાં એમ પણ કહેતા કે, 'ભાવનગર તાલુકો છે અને મહુવા જિલ્લો છે.' હવે ખરેખર, મહુવા જિલ્લો બને તેવી **જરૂરિયાત** છે.

મહુવામાં વાહનવ્યવહાર, સંદેશા વ્યવહાર અને શિક્ષણની **ઉત્તમ સુવિધાઓ** છે. તબીબી સેવાઓ ઉપરાંત મહુવા ખાતે કાયદો વ્યવસ્થા જાળવવા અને ન્યાય મેળવવા માટે અદાલતોની ઉત્તમ સુવિધા **કાર્યરત** છે. મહુવામાં વિભાગીય પોલીસ અધિકારી, પ્રાંત અધિકારીની કચેરીઓ ઉપરાંત ડિસ્ટ્રીક્ટ કોર્ટ તેમજ જૂનીયર અને સીનિયર જજ, પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબની કોર્ટ મહુવામાં આવેલી છે. ઔદ્યોગિક ક્ષેત્રે મહુવા અને આસપાસના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ગામો **વિકાસ** પામી રહ્યા છે. જેનો **યશ** મહુવાને આપી આ વિકાસકાર્યમાં હરણફાળ લાવવા અમરેલી જિલ્લાના અને ભાવનગર જિલ્લાના મહુવા આસપાસના શહેરો તથા ગામોને મહુવા સાથે સંલગ્ન કરી મહુવાને જિલ્લાનો દરજ્જો આપવાને બદલે વર્ષોથી ભાવનગર સાથે જોડાયેલા ભાવનગરના ગૌરવ સમાન મહુવાને અમરેલીની રાજકીય સીમામાં જોડવાની કાર્યવાહી સામે ઉગ્ર રીતે સર્વપક્ષીય પરિણામાત્મક રજૂઆતો થઈ નથી. આથી હજુ મહુવા વિસ્તાર સ્વોચિત જિલ્લાનો **દરજ્જો** ઝંખે છે.

■■■



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી

કથાપારાયણ
કતારગામ-સુરત





કતારગામ-સુરતને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી
પૂ. પૂર્ણસ્વરૂપદાસજી સ્વામીના વકતાપદે યોજાયેલ રાત્રિ સત્સંગ કથાપારાયણ.

રંગોત્સવ - વડતાલ





શ્રી રઘુવીરવાડી-વડતાલ ખાતે પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં ઉજવાયેલ રંગોત્સવ.

કથાપારાયણ
વેલંજા-સુરત






વેલંજા-સુરતને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં
પૂ. વિવેક સ્વામીના વકતાપદે યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ.






ડોંબીવલી (મુંબઈ) ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ઉજવાયેલ
શ્રી સ્વા. મંદિરનો વાર્ષિક પાટોત્સવ તથા કથાપારાયણ






ગઢડા પ્રદેશના હિંડોરડા (રાજુલા) ગામને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી
યોજાયેલ કથાપારાયણમાં પધારતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી







નવસારીને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં ઉજવાયેલ શ્રી સ્વા. મંદિરનો વાર્ષિક પાટોત્સવ તથા સપ્ત દિનાત્મક કથાપારાયણ






વડતાલ પ્રદેશના સોજીત્રાને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીમાં ઉજવાયેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીનો જન્મોત્સવ

## હરિજયંતિ મહોત્સવ
## વડતાલ




શ્રી રઘુવીરવાડી–વડતાલ ખાતે સમગ્ર ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં ઉજવાયેલ હરિજયંતિ પ્રસંગે સમૂહ મહાપૂજા તથા શ્રીહરિ પ્રાગટ્યોત્સવ

## હરિજયંતિ મહોત્સવ
## સરધાર




શ્રી રઘુવીરવાડી–વડતાલ ખાતે સમગ્ર ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં ઉજવાયેલ હરિજયંતિ પ્રસંગે સમૂહ મહાપૂજા તથા શ્રીહરિ પ્રાગટ્યોત્સવ





યોગીચોક-સુરતને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ઉજવાયેલ શ્રીહરિ પ્રાગટ્યોત્સવ તથા સત્સંગ સભા





ગઢડા પ્રદેશના લાઠીદડ ગામને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી યોજાયેલ કથાપારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી







સરધારધામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી પૂ. સ.ગુ. સ્વામીશ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ ૧૪મો શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ

**સત્સંગ સભા હૈદ્રાબાદ**




વડતાલ પ્રદેશના હૈજરાબાદ (જી.ખેડા) ગામને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી ઉપસ્થિતમાં યોજાયેલ હોમાત્મક મહાપૂજા તથા સત્સંગ સભા.

**ક્રિકેટ ટુર્નામેન્ટ મેઘલપુર**




વડતાલ પ્રદેશના મેઘલપુર (તા. સોજીત્રા) ગામને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી ઉપસ્થિતમાં યોજાયેલ ક્રિકેટ ટુર્નામેન્ટ મહોત્સવ.

**શાકોત્સવ – પંડોળી**




વડતાલ પ્રદેશના પંડોળી (તા. પેટલાદ) ગામને આંગણે યોજાયેલ શાકોત્સવ પ્રસંગે દર્શન-અમૃતાવાણીનો લાભ આપતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.

**બેંક ઉદ્‌ઘાટન**




પેટલાદ શહેરને આંગણે નૂતન બેંક ઓફિસનું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

## મારુતિ યજ્ઞ વાંસખીલીયા




વડતાલ પ્રદેશના વાંસખીલીયા (જી. આણંદ) ગામને આંગણે શ્રી હનુમાન જયંતી પ્રસંગે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ મારુતિ યજ્ઞ.

## સત્સંગ વિચરણ ફીજી




ફીજી દેશમાં સત્સંગનો લાભ આપતા સરધાર નિવાસી પૂ. યોગેશ્વર સ્વામી તથા પૂ. પતિતપાવન સ્વામી.

## વિદ્યાર્થી વાલી સંમેલન સરધાર




સરધારને આંગણે મંદિર છાત્રાલયમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓના સંમેલનમાં સત્સંગ કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી.



માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને શુભેચ્છા મુલાકાતે સરધારથી પૂ. બાલમુકુંદ સ્વામી તથા પૂ. મહાપુરુષ સ્વામી આદિક સંતો-હરિભક્તો.

**શ્રીહરિ જયંતિ મહોત્સવ**
**શિકાગો (અમેરિકા)**




શિકાગો (અમેરિકા)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદથી શ્રી સ્વા. મંદિરમાં ઉજવાયેલ શ્રીહરિ પ્રાગટ્યોત્સવ

**શ્રીહરિ જયંતિ મહોત્સવ**
**ન્યુજર્સી (અમેરિકા)**




ન્યુજર્સી (અમેરિકા) ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદથી શ્રી સ્વા. મંદિરમાં ઉજવાયેલ શ્રીહરિ પ્રાગટ્યોત્સવ

**શ્રીહરિ જયંતિ મહોત્સવ**
**સ્ક્રેન્ટન (અમેરિકા)**




સ્ક્રેન્ટન (અમેરિકા) ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદથી શ્રી સ્વા. મંદિરમાં ઉજવાયેલ શ્રીહરિ પ્રાગટ્યોત્સવ

**શ્રીહરિ જયંતિ મહોત્સવ**
**હ્યુસ્ટન (અમેરિકા)**




હ્યુસ્ટન (અમેરિકા) ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદથી શ્રી સ્વા. મંદિરમાં ઉજવાયેલ શ્રીહરિ પ્રાગટ્યોત્સવ

# સત્સંગ વિચરણ


## પર્થ, મેલબોર્ન, આલ્બરી, કેનબેરા, સીડની (ઓસ્ટ્રેલિયા)















**ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પૂ. સ.ગુ. સ્વામીશ્રી નિત્યસ્વરૂપદાસજી સહ સંતો-પાર્ષદોની ઓસ્ટ્રેલિયામાં યોજાયેલ સત્સંગ વિચરણ યાત્રા (તા. ૧૬-૩ થી ૨-૪-૧૭)**

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા તથા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા
પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ

## નૂતન હરિમંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવોની તિથિ તારીખ

| ક્રમ | કથા તારીખ | કથા તિથિ | પ્રતિષ્ઠા તિથિ | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૨૭-૪-૨૦૧૭ થી ૩-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૧ થી વૈશાખ સુદ - ૮ | વૈશાખ સુદ - ૫ તા. ૩૦-૪-૨૦૧૭ | મુ. શ્રી સ્વા. મંદિર - નાળિયેલી મોલી, તા. ઉના, જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૮૭૯૦૬૫૯૩૦, ૯૭૧૨૪૭૧૫૨૩ |
| ૨. | ૨૭-૪-૨૦૧૭ થી ૧-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૧ થી વૈશાખ સુદ - ૬ | વૈશાખ સુદ - ૬ તા. ૧-૫-૨૦૧૭ | મુ. શ્રી સ્વા. મંદિર, ઘેટી દરવાજા, પાલીતાણા, જી. ભાવનગર સંપર્ક :- મો. ૯૪૨૬૩૪૩૮૮૩, ૯૭૨૫૦૨૩૨૬૫ |
| ૩. | ૩-૫-૨૦૧૭ થી ૭-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૬ થી વૈશાખ સુદ - ૧૨ | વૈશાખ સુદ - ૧૨ તા. ૭-૫-૨૦૧૭ | મુ. શ્રી સ્વા. મંદિર, કોટડા સાંગાણી, જી. રાજકોટ સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૯૬૩૩, ૯૮૨૫૪૧૬૯૯૮ |
| ૪. | ૧-૫-૨૦૧૭ થી ૭-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૬ થી વૈશાખ સુદ - ૧૨ | વૈશાખ સુદ - ૧૨ તા. ૭-૫-૨૦૧૭ | મુ. શ્રી સ્વા. મંદિર, કોટડા પીઠા, તા. બાબરા, જી. અમરેલી સંપર્ક :- મો. ૯૯૦૯૭૮૫૫૮૭ |
| ૫. | ૬-૫-૨૦૧૭ થી ૧૦-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૧૧ થી વૈશાખ સુદ - ૧૫ | વૈશાખ સુદ - ૧૩ તા. ૮-૫-૨૦૧૭ | મુ. ચાંપરડા, તા. વિસાવદર, જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૪૨૮૭૭૬૩૪૯, ૯૭૧૪૩૯૩૦૨૫ |
| ૬. | ૪-૫-૨૦૧૭ થી ૮-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૯ થી વૈશાખ સુદ - ૧૩ | વૈશાખ સુદ - ૧૩ તા. ૮-૫-૨૦૧૭ | મુ. પ્રેમપરા, તા. વિસાવદર, જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૫૩૭૦૧૨૦૭૪, ૯૫૩૭૮૩૪૩૩૫ |

## કથાપારાયણ - મહોત્સવોની તિથિ તારીખ

| ક્રમ | કથા તારીખ | કથા તિથિ | વિગત | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૧૧-૫-૨૦૧૭ થી ૧૭-૫-૨૦૧૭ | વૈશાખ વદ - ૧ થી વૈશાખ વદ - ૬ | શ્રીમદ્ સત્સંગિજીવન કથા મહોત્સવ | મુ. બરફટાણા, તા. રાજુલા, જી. અમરેલી. સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૯૬૩૧ |
| ૨. | ૧૭-૫-૨૦૧૭ થી ૨૫-૫-૨૦૧૭ | વૈશાખ વદ - ૬ થી વૈશાખ વદ - ૩૦ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | લેપ્રસી ગ્રાઉન્ડ, સરદાર એસ્ટેટ, આજવા રોડ, વડોદરા. સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૯૨૫૧૪૧૦૦૮ |
| ૩. | ૨૦-૫-૨૦૧૭ | વૈશાખ વદ - ૯ | રત્નાકર મહોત્સવ | મું. વડોદરા. સંપર્ક :- મો. ૯૮૨૫૯૧૯૯૯૦ |

### શ્રી સ્વામિનારાયણ ચિંતન અંકના ગ્રાહક ભક્તજનોને નમ્ર વિનંતી સહ સૂચના...

વ્હાલા ગ્રાહક ભક્તજનો ! આપને જો **'શ્રી સ્વામિનારાયણ ચિંતન'** અંક સમયસર ન મળતો હોય અથવા તો છેલ્લા ૩-૪ અંક ન મળેલ હોય તો તમારી નજીકની **મુખ્ય પોસ્ટ ઓફિસ**માં જઈને **ફરિયાદ ફોર્મ**ને ભરવાનું રહેશે અને તેની ઝેરોક્ષ કોપી 'ચિંતન કાર્યાલય' સરધારના સરનામે કુરીયરથી મોકલવાની રહેશે. જેથી આપને અંક સમયસર ન મળતો હોય તેની તપાસ થઈ શકે.

**સરનામું :-** 'ચિંતન કાર્યાલય' શ્રી સ્વા. મંદિર – સરધાર, તા.જી. રાજકોટ – ૩૬૦૦૨૫. મો. ૯૦૯૯૯૯૯૬૨૫

**રાજકોટ : ચિંતન લવાજમ તથા જગન્નાથપુરી મંદિર દાનની રકમ જમા કરાવવા માટે સંપર્ક**

શ્રી સ્વામિનારાયણ મંદિર, રામેશ્વર ચોક, બાબરીયા સોસા. પાસે, રાજકોટ. **વ્યાસ સાહેબ** - મો. ૯૮૨૫૨૯૭૪૪૨
દર **હરિજયંતીએ સત્સંગ સભા**નું આયોજન કરવામાં આવે છે, જેમાં સરધારથી પૂ. સંતો પધારી કથાવાર્તાનો લાભ આપશે.





































**ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પૂ.સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી સહ સંતો-પાર્ષદોની ઓસ્ટ્રેલીયામાં યોજાયેલ સત્સંગ વિચરણ યાત્રા (તા. ૨૩-૩ થી ૨-૪-૧૭)**

૧-૨-૩, ભુજ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર દર્શને પૂ. સ્વામી તથા સંતો-હરિભક્તો. ૪. મેલબોર્ન ખાતે પ.ભ. શ્રી સુનિલભાઈ પટેલ (આણંદ) તથા પ. પ. ભ. શ્રી દિક્ષિતભાઈ પટેલ તથા ૬. શ્રી જીજ્ઞેશભાઈ પટેલના નિવાસસ્થાને યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી. ૭. આલ્બરીમાં પ.ભ. શ્રી કમલેશભાઈ ચૌધરીના નિવાસસ્થાને યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી. ૮-૯. સીડનીમાં પ.ભ. શ્રી બીપીનભાઈ તથા ભરતભાઈ માકાણીના નિવાસસ્થાને યોજાયેલ સત્સંગ સભા તથા ઠાકોરજીનો અભિષેક. ૧૦. સીડનીમાં બ્લેકટાઉન કન્વેસશન સેન્ટરમાં યોજાયેલ શાકોત્સવ તથા સત્સંગ સભા.































પર્થ-ઓસ્ટ્રેલીયાને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી ઉજવાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' અંતર્ગત પૂ.સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૧૬ થી ૨૨-૩-૧૭)

૧. સભામંચ. ૨. પોથીયાત્રા. ૩-૪. નિત્ય કથાનો લાભ લેતા વિશાળ સંખ્યામાં ભક્તસમુદાય. ૫. શ્રીહરિ ગાદિપટ્ટાભિષેક મહોત્સવ. ૬. અન્નકૂટોત્સવ. ૭. રાસોત્સવ. ૮. યજમાન દ્વારા નિત્ય આરતી. ૯. એરપોર્ટ પર પૂ. સ્વામી તથા સંતોનું સ્વાગત કરતા હરિભક્તો. ૧૦. ભુજ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિરના દર્શને પૂ. સ્વામી તથા સંતો-હરિભક્તો.






















ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના તાબાના નૂતન શિખરબધ્ધ શ્રી સ્વા. મંદિર - મહુવાના પટાંગણમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી ઉજવાયેલ 'સત્સંગ અભ્યુદય મહોત્સવ' તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ ભાગવત કથા પારાયણ' (તા. ૧૨ થી ૧૮-૪-૧૭)

૧. મહોત્સવનું દીપ પ્રાગટ્ય કરતા પૂ. સ્વામી તથા પૂ. શ્રી મોરારી બાપુ, પૂ. એસ.પી. સ્વામી આદિક મહાનુભાવશ્રીઓ. ૨. મંગળ ઉદ્‌બોધન સહ મહોત્સવનો પ્રારંભ કરાવતા પૂ. શ્રી મોરારી બાપુ. ૩-૪-૫. મહુવા શહેરના માર્ગો પર પ.પૂ. લાલજી મહારાજશ્રીની વિશાળ સ્વાગત શોભાયાત્રા. ૬. નૂતન શિખરબધ્ધ મંદિરના પ્રથમ સ્તંભનું સ્થાપનપૂજન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૭. તીર્થધામ મહુવા ઐતિહાસિક દર્શન પુસ્તકનું વિમોચન કરતા પૂ. સ્વામી તથા યજમાન પરિવાર. ૮. પૂ. શ્રી મોરારી બાપુને નિષ્કુળાનંદ કાવ્ય આદિક ગ્રંથો ભેટ કરતા પૂ. સ્વામી. ૯-૧૦-૧૧. કથા અંતર્ગત શ્રી રામ તથા શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી.

Swaminarayan Chintan, April-2017 Reg. No. RJT - 624/16-18, Valid up to 31/12/18, Posted at Rajkot R.M.S on 20th of every month
wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 31/12/2017_RNI No. GUJGUJ-2013/47868














સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ, આચાર્ય મહારાજશ્રી તથા નંદસંતો, શ્રીજીસમકાલીન ભક્તોના પદરજથી પાવન થયેલ આ ઐતિહાસિક અને પૌરાણિક મધુમતી-મહુવાની સંસ્કારી ભૂમિમાં **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે મહુવા વિસ્તારના ભક્તજનોના સહિયારા પુરુષાર્થથી **ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજ**ના તાબાના **નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર**ના નિર્માણકાર્યર્થે **તા. ૧૨ થી ૧૮-૪-૨૦૧૭** સુધી ભવ્ય **'સત્સંગ અભ્યુદય મહોત્સવ'**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ.પૂ. અ.સૌ. માતુશ્રી (ગાદીવાળા) તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ પૂ. મોરારી બાપુ, પૂ. કોઠારી સ્વામી-ગઢડા, જૂનાગઢ, પૂ. એસ.પી. સ્વામી, પૂ. ભગત બાપુ વગેરે સંતો-મહંતો પધારી દર્શન-અમૃતવાણી અલભ્ય લાભ આપ્યો હતો. આ ભવ્ય મહોત્સવનો લાભ લેવા મહુવા શહેર તેમજ મહુવા-ભાવનગ-અમરેલી વગેરે જિલ્લામાંથી હજારોની સંખ્યામાં ભક્તજનો પધાર્યા હતા.

Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007